**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઈ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર–૧.

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| અભિનંદનનીય સહાય | તંત્રી | ૩ |
| વિચારોની શક્તિ | શ્રી યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૬ |
| શ્રી શ્રી મા શારદાદેવી–૧૦–(૨) | પ્રો. અરૂણિકા મ. દરૂ | ૧૩ |
| 'સભાન શાશ્વતી' | પ્રો. તરલાબેન દેસાઈ | ૨૨ |
| ભક્તિ | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૨૭ |
| પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ | ડો. બી. જે. જાગાણી | ૨૮ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૬ |
| 'પ્રકાશના પંથે' સ્વરૂપ અને સિદ્ધિ–(૨) | પ્રો. મનોજ દરૂ | ૪૩ |
| આધ્યાત્મિકતામાં પ્રગતિ અને પૂર્ણતા ક્યારે થાય? | ઉન્મેષભાઈ મહેતા | ૫૦ |
| શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી | શ્રી યોગેશ્વરજી | ૫૪ |
| પુરુષોત્તમયોગ | શ્રી યોગેશ્વરજી | ૫૫ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

**ભક્તિસુધા**

પ્રભુના કૃપાકટાક્ષના, મહિમાતણા અજાણ;
અરસિક જનને માટ આ, કરી ચતુર્વિધ ખાણ. ૩૧
પ્રભુભક્તિરૂપ પીયૂષને, જે પીવે નરનાર;
ફરી ભવમાં ભટકે નહિ, લહે મોક્ષ નિર્ધાર. ૩૨
ભક્તિસુધાના પાનથી, છાક્યા જે સંસાર;
એવા અનન્યભક્તના, આવા શુભ ઉદ્‌ગાર. ૩૩

**(મહારાજશ્રીનથુરામશર્મા)**

## ❁ અભિનંદનીય સહાય ❁

વિદેશની ધરતી ઉપર યુવાનીમાં ભગતરામ જેવું નિજાનંદે મસ્ત જીવન જીવનારને, આજ્ઞાંકિત, સમજુ, મીત-ભાષી, શ્રદ્ધાળુ ગૃહદેવી મળ્યાં છે.

એ દંપતી શ્રી BHRના ગૃહસ્થા-શ્રમમાં દાનની ગુપ્તગંગા પણ સતત વહેતી રહી છે.

અધ્યાત્મનો આ અંક એ એમની ગુપ્તગંગાની જ એક ધારા છે. એ દંપતીનું પરમ મંગલ હો, ભજનથી ભવપાર હજો, એ પ્રાર્થના છે. આભાર.

—મા.

○



# વિચારોની શક્તિ

યોગેશ્વરજી

એક માણસ માંદગીના વિચારો કર્યા કરતો. પોતે ખૂબ જ બીમાર છે. સંસારમાં સૌથી વધારે બીમાર છે, એવી ભાવના-ઓનું સેવન કરતો. પરિણામે સ્વાસ્થ્યને ના સાચવી શકતો. વારંવાર માંદગીમાં અને કેટલીકવાર તો ભયંકર માંદગીમાં સપ-ડાતો. દવા કરતો તોપણ દવાઓ એને લાગુ પડતી નહીં. એની પાસે અઢળક સંપત્તિ હતી તો પણ એનો ઉપભોગ એ નહોતો કરી શકતો. વિચારતો કે હું સંસારમાં સૌથી વધારે કંગાળ છું. મારી પાસે કશું જ નથી, મારે ઐશ્વર્ય મેળવવાની અને એને માટે મહેનત કરવાની આવશ્યકતા છે. એના અનેક મિત્રો અને સ્વજનો હોવા છતાં એ માનતો કે સંસારમાં મારું કોઈ જ નથી, હું એકલો જ છું, મારા જીવનમાં કશો રસકસ નથી. એવા વિપરીત વિચારોને લીધે એનું મુખમંડળ મ્લાન રહેતું, દિલ દુ:ખી રહેતું, અને જીવનના રહ્યાસહ્યા આનંદને અનુભવવાનું કાર્ય એને માટે આકાશ કુસુમ સમાન અશક્ય બની જતું. એની પડોશમાં રહેતો બીજો માણસ અભાવગ્રસ્ત હોવા છતાં પોતાને અભાવગ્રસ્ત માનવાને બદલે આનંદપૂર્વક જીવતો. એ પોતાને સુખી સમજતો અને પોતાની તથા બીજાની સુખાકારી અને શાંતિના સંકલ્પો કરતો. એનું શરીર કોઈવાર અસ્વસ્થ બનતું તોપણ એને અન્ય ઔષધની આવશ્યકતા ના પડતી. એનો આનંદી સ્વભાવ એને માટે ઔષધ બની જતો. એ વહેલી તકે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરતો. પહેલો માણસ અકાળે વૃદ્ધ થઈ ગયેલો ત્યારે બીજો માણસ વૃદ્ધાવસ્થામાં પણ યુવાન દેખાતો.

માનવના વિચારોની અસર એના મન તથા તન પર ઘણી મોટી, શકવર્તી પડે છે. માટે તો કહ્યું છે કે માનવ જેવા વિચારો કરે છે તેવો બને છે. વિચારો એનો ઘાટ ઘડે છે. એને સુધારે છે ને બગાડે છે. આનંદ આપે છે અને શોકમાં ધકેલે છે. સ્વસ્થ રાખે છે અને અસ્વસ્થ બનાવે છે. આજે માનવ જેવો છે એવો એના ભૂતકાળના ભાવો, વિચારો, સક્લ્પોને લીધે છે, અને ભવિષ્યમાં જેવો બનવા માગશે એવો એના વર્તમાનકાળના ભાવો, વિચારો, સંકલ્પોને અનુસરીને એમને અનુરૂપ બની શકશે. વિચારો, ભાવો તથા સંકલ્પોમાં ધાર્યા કરતાં ઘણી મોટી શક્યતા ને શક્તિ સમાયેલી છે. એ દ્વારા માનવ પોતાની કાયા-પલટ કરવાની સાથે સાથે એથી આગળ વધીને બીજાની પણ કાયાપલટ કરી શકે છે. વૈદિક ઋષિવરે કહ્યું છે કે મારું મન પવિત્ર, કલ્યાણકારક, હિંસક નહીં પરંતુ અહિંસક, દ્વેષયુક્ત નહીં પરંતુ પ્રેમપૂર્ણ, ભંજનાત્મક નહીં પરંતુ મંડનાત્મક ભાવો અને વિચારોથી સંપન્ન થાવ. તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ. એ કથનમાં ઘણો મોટો, સર્વોપયોગી, સૂચિતાર્થ સમાયેલો છે. આપણે એનો લાભ લઈએ.

**(આકાશવાણીના સૌજન્યથી)**



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૨૭ ઓગસ્ટ—૨૦૦૬ અંક ૧૧**

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૧—૧૨—૮૧ મંગળવાર, માગસર સુદ પાંચમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : લીટલ રોક, અમેરિકા.**

આજે પૂ. શ્રી સમયસર પોતાનું કામ કરી લે છે. આજે સાડા અગિયાર વાગ્યે મુલાકાત ન હતી. પરંતુ સાડા બારથી દોઢ સુધીનો મુલાકાતનો સમય હતો.

આજે મગ, ભાતનું ભોજન લઈ લેવાનું બન્યું. પછી મુલા-કાત શરૂ થઈ. સૌ પ્રણામ કરીને મુલાકાત સમયે બેઠા. ત્યાં જ પૂ. શ્રીની પાસે 'અધ્યાત્મ' માસિકનો નવેમ્બર ૧૯૮૧નો અંક મૂકવામાં આવ્યો. પૂ. શ્રીએ તે જોવામાં અડધો કલાક ગાળ્યો. સાથે સાથે દરેક લેખના લેખકોનો પરિચય પૂ. શ્રીએ આપ્યો. વળી 'અધ્યાત્મ'માં છપાયેલું 'અખિલ જગત પદચિહ્ન તમારું..'

કાવ્ય ગાઈને સમજાવ્યું. જેમાં કવિ કાલીદાસની પણ વાતો કરી. પછી મુલાકાતનો સમય એ બધામાં પૂરો થાય તે પહેલા સર્વેશ્વરીએ કહ્યું : 'આપણા યજમાન એવું માને છે કે આ સ્થાનમાં અમે રહીએ છીએ પણ અહીં ઘણી શારીરિક, માનસિક મુશ્કેલીઓ આવે છે. તો આ સ્થાન તેઓ છોડી દેવા માગે છે. તો જીવનમાં જે સુખદુઃખ આવે તેને સ્થળ સાથે કોઇ સંબંધ ખરો?'

પૂ. શ્રી : એને સ્થળ સાથે કશો સંબંધ નથી. પણ આના ઉપર (કપાળ તરફ હાથ બતાવીને કહે છે), ભાગ્ય ઉપર, વિધિ ઉપર છે. વિધિના લેખ જે લખાયા છે તે ભોગવવાના જ છે. તે ભોગવવા જ પડે છે. પ્રભુનું ભજન વધારે કરીએ તો તલવારનો ઘા સોયથી પણ જતો રહે. બહુ કઠોર ઘા પડવાનો હોય તો તે હળવો પણ થાય. સુખદુઃખનો આધાર સ્થળ સાથે નથી. સ્થાન-નો એ દોષ નથી. કર્મના સંસ્કારો ને લેણદેણ ઉપર આધાર છે.

ભારતીબેન : ઘણીવાર જીવનમાં કોઇ અજાણ્યું મળે તો પણ પ્રેમ અથવા દ્વેષની લાગણી વિના કારણે થાય એનું શું કારણ?

પૂ. શ્રી : પૂર્વે આપણે જેવી ખેડ કરીને આવ્યા હોઇએ તેવા તેવા ભાવો જાગે. એ રાગ કે દ્વેષ કે પ્રેમ કે ધિક્કાર આપણામાં જાગે છે તેનું અનુસંધાન આ જન્મનું પણ હોય અને એનું મૂળ પૂર્વેનું પણ હોય.

શ્રી ભારતીબેન : ઘણી વાર આપણે વાતો કરતા હોઇએ, ઘરના કે સ્વજનો સાથે તો તે વ્યક્તિ આપણી સામે પણ ન જુએ તો આપણે એ સંજોગોમાં શું માનવું?

પૂ. શ્રી : સારુ છે ન જુએ તે! આપણને બધા જ જુએ, બધા જ સાંભળે, બધા જ માને તો અહંકાર વધી જાય ને!



આવા એકાદ બે સામે જોનાર ન મળે તો અહંકાર તો ન વધે ને! નહીં તો બધા જ આપણને માનતા હોય તો સંસારમાં વધુ ને વધુ ડૂબવાનું બને. તો તે તો સારુ નથી ને! આપણને એવા વર્તનથી સમજાય છે કે સંસાર ધાર્યા જેટલો સરળ ને મીઠો નથી. વળી આગળ ઉપર સમજાય કે પ્રભુ સ્મરણમાં જ સાચું સુખ છે, અને એ રીત સંસારમાંથી સમજપૂર્વક મમત્વ દૂર થાય. કર્તવ્યો થાય પણ તે રાગ વિના થઇ શકે.

**હંમેશાં દિલની દિવાલ ઉપર લખી રાખો :**

**૧. કોઇ કોઇનું નથી. વળી લખો,**

**૨. આ વટેમાર્ગુઓનો મેળો છે.**

**૩. આ પરબ ઉપર એકઠા થયેલા આ પ્રવાસી છે.**

**૪. આ દિવસો પણ ચાલ્યા જશે.**

સુખના દિવસો હશે તો તે પણ ચાલ્યા જશે. એ યાદ રાખવાથી અહંકાર ન થાય. દુઃખના દિવસો હશે તો તે પણ ચાલ્યા જશે. તે દુઃખ કાંઇ કાયમી થોડું રહેવાનું છે? એટલે હિંમતપૂર્વક, નિર્ભયતાપૂર્વક જીવવાનું. બધું જ પ્રભુની ઇચ્છા પ્રમાણે થાય. આપણને વિવિધ ઇચ્છાઓ થાય. ઇચ્છા કરવાનો આપણને અધિકાર છે, પણ ઇચ્છા પ્રમાણે ન થાય તો ફરિયાદ કરવાનો અધિકાર નથી.

વળી અભિમાન કોઇનું ટક્યું નથી. એ વિશે વાતો થતાં પૂ. શ્રીએ કહ્યું, 'અભિમાનને સુરાપાન કહ્યું છે. ભગવાન જેના ઉપર કૃપા કરે તેનો પ્રથમ તો અહંકાર ઓછો કરી નાંખે. ભગવાન કહે છે, હું તેના હૃદયને ધોઇ નાંખું છું. એને નમ્ર બનાવી દઉં છું. જાતિનું, કુળનું, બુદ્ધિનું, બળનું, વર્ણનું કોઇ પણ અભિમાન હોય તો તે ઓગાળી નાંખું છું.'

વાર્તાલાપ પૂરો થતાં આજે એક સમૂહ ફોટાની ઇચ્છા યજમાન બેનની હતી. જેથી તે ફોટો લેવા સ્ટુડીયોમાં જવાનું બન્યું. ત્યાંથી આવી પૂ. શ્રીએ આરામ કર્યો. સર્વેશ્વરીએ ડાયરીની નોંધ લખી.

સાંજે છ થી પોણા સાત સુધી ધ્યાનની બેઠક રહી. ત્યાર પછી સાત વાગ્યે પ્રવચન શરૂ થયું. નરસિંહ મહેતાના ભજન 'ભૂતળ ભક્તિ પદારથ મોટું...' એ લીટી ઉપર પ્રવચન શરૂ થયું. સત્સંગના મહિમાનું વર્ણન થયું. પ્રવચન બાદ ભજન ગવાયું. ત્યાર પછી પ્રસાદ વિતરણ થયું.

આજે અહીં ૧૯૨૦ થી એક ભાઇ રહે છે, જેનું નામ હરિભાઇ મજમુદાર, ૮૨ વર્ષના છે તે પણ આવ્યા હતા. તેઓ ગાંધીજીના ભક્ત છે. તેમણે પ્રવચનને અંતે પૂ. શ્રીને કહ્યું, 'આપ અહીં આવ્યા તે આશીર્વાદરૂપ ઠર્યું. સારું થયું આપ અહીં આવ્યા તે ખૂબ આનંદની વાત છે.' વળી ફરીથી પૂ. શ્રીને મળવા ૧૦ મિનિટ માટે આવ્યા, જેમાં તેઓ લંડનમાં ગાંધીજીને મળ્યા હતા તેની વાતો કરી. પૂ. શ્રીએ પણ ગાંધીજીની થોડી વાતો કરી. તે ભાઇ વિદાય થયા.

પૂ. શ્રીએ આજનો પ્રસાદ શીરાનો હતો તે અને બટાકા પૌંઆ, દૂધ વગેરે લીધું. પછી આરામ કર્યો. દરરોજ રાત્રિના નિયમ મુજબ પૂ. શ્રી ૧૨:૧૫ વાગ્યે ઉઠી જાય છે. ધ્યાનમાં સર્વેશ્વરીને પણ બેસાડે છે. હરિઃ ૐ

**તા. ૨—૧૨—૮૧ બુધવાર, માગસર સુદ પાંચમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : લીટલ રોક, આરકેનસાસ રાજ્ય, અમેરિકા.**

સવારે પૂ. શ્રી પોતાના નિત્યકર્મમાંથી નિવૃત્ત થઇ પલંગ ઉપર બેઠા છે. લેખનકાર્ય શરૂ થઇ જાય છે. વચ્ચે વળી નવ



વાગ્યે દૂધ પી લે છે. લેખનકાર્યમાં રામાયણનું લેખન ચાલી રહ્યું છે. તુલસીકૃત રામાયણનો બીજો ભાગ પૂ. શ્રી પરદેશે પણ લઇ આવ્યા છે. જેમાંથી ગુજરાતી અનુવાદ કવિતામાં કરી રહ્યા છે. લેખન બાદ થોડો આરામ કરે છે.

આજે ભોજનમાં પૂ. શ્રીએ ફક્ત ખજૂર ને બદામપાક લીધો ને દૂધ પીધું. ભોજન બાદ મુલાકાત શરૂ થઇ.

આજે ત્રણેક પ્રશ્નોની ચર્ચા થઇ. (૧) અર્જુને સ્વજનોને હણ્યા તો તે કર્મ તેને ભોગવવું પડે? (૨) 'ત્વમેવ શરણં ગચ્છ' તો કોને શરણે જવાનું? તે પહેલાં પૂ. શ્રીએ 'સુહાયે મસ્તકે ગંગા...' જે શંકર ભગવાનની સ્તુતિ છે તે ગાઇ સંભળાવે છે. પ્રશ્નોત્તરી બાદ એક પ્રશ્ન સર્વેશ્વરીને પણ પૂછાય છે.

પ્રશ્ન : આપને યોગેશ્વરજી સાથે જ રહેવાની પ્રેરણા કેમ મળી?

એ પ્રશ્નના ઉત્તરમાં સર્વેશ્વરીએ પોણો કલાક પોતાના જીવનના વળાંકની અને ગુરુની કૃપા ને પ્રેરણાની પ્રાપ્તિ કેવી રીતે થઇ તે વાતો કહી સંભળાવી. ત્યાર બાદ પૂ. શ્રી પોતાના ઓરડામાં આરામ કરે છે.

ત્યારબાદ યજમાન પરિવારનાં શ્રીમણીબેન પોતાના ઓરડામાં સર્વેશ્વરીને લઇ જાય છે. ચંદન તિલક કરી કહે છે, 'તમે તો કાયાનું કલ્યાણ કરી દીધું. અમને પણ આશીર્વાદ આપતાં રહેજો.' વગેરે કહી અંજલિ આપી.

સાંજે છ વાગ્યે ધ્યાનની બેઠક થઇ. ૭ થી ૮:૩૦ 'બ્રહ્માનંદમ્ પરમસુખદમ્' શ્લોકની સમજૂતી ને સંતના સંગની વાત પ્રવચનમાં પૂ. શ્રીએ કરી. પ્રવચન બાદ એકાદ પ્રશ્નની ચર્ચા થઇ. ત્યાર બાદ પૂ. શ્રીએ ઉપમાનો નાસ્તો ને દૂધ લીધું પછી આરામ કર્યો.

**તા. ૩–૧૨–૮૧ ગુરુવાર, માગસર સુદ છઠ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : લીટલ રોકથી ડલાસ થઈ લોસ એંજલસ**

આજે સવારે પૂ. શ્રી પોતાના નિત્ય કર્મમાંથી નિવૃત્ત થઇ સાડા અગિયાર વાગ્યે ભોજન લઇ લે છે. ૧૨ વાગ્યા પહેલાં અહીંથી વિદાય લેવાની છે. યજમાન પરિવારના ઓરડામાં પૂ. શ્રી તથા સર્વેશ્વરી જાય છે. ત્યાં ફૂલહાર, ચંદન તિલકથી વિદાય આપવામાં આવે છે. આખોયે પરિવાર એરપોર્ટ ઉપર વિદાય કરવા આવે છે.

લીટલ રોકથી ૯૫૯ નંબરનું વિમાન હતું. જરા મોડું ઉપડે છે. પરિણામે ડલાસથી ૨:૧૦ વાગ્યે ઉપડતું ૮૦૫ નંબરનું વિમાન શ્રી ભગવાનજીભાઇની વિનંતિથી ૧૮ મિનિટ રોકવા-માં આવે છે. ચાલુ વિમાને આ વાત ડલાસ થઇ જાય છે. પરિણામે એ વિમાન પણ પકડાય છે. તેમાં બેસવાનું બને છે. સગવડ ઘણી સારી, સહકાર ઘણો સારો.

ડલાસથી આલ્બુર્કકી નામના સ્થળે પણ વિમાન થોડું ઉતરાણ કરે છે. સવારે ૧૨:૦૦ વાગ્યાથી શરૂ થયેલી મુસાફરી સાંજે ૬:૦૦ વાગ્યે પૂરી થાય છે. એરપોર્ટ ઉપર શ્રી હીરાભાઇ વગેરે લેવા આવે છે. ઘરે આવતાં દોઢ કલાક થાય છે. અહીં આવીને આ યાત્રાની થોડી વાતો પૂ. શ્રી કરે છે. પછી તલસાંકળી ને દૂધ પૂ. શ્રી લે છે. પછી આરામ. હરિઃ ૐ

**તા. ૪–૧૨–૮૧ શુક્રવાર, માગસર સુદ સાતમ, વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટા એના, કેલીફોર્નીયા, અમેરિકા.**

આજે સવારથી સાંજ સુધી 'અધ્યાત્મ'ના ગ્રાહકોની યાદી ને તેની રકમની વિગતો તૈયાર કરવામાં કાર્યરત રહેવાયું.

આજે સવારની બેઠકમાં થોડા પ્રશ્નો ચર્ચાયા. જેમાં દીક્ષા–



સંકલ્પથી, વાણીથી, સ્પર્શથી, સ્વપ્નથી આપી શકાય, હવન–હોમવિધિની જરૂર નથી એવું જ્ઞાનામૃત પૂ. શ્રીએ પીરસ્યું. વળી યાત્રાના ફોટાઓ જોયા. અને પૂ. શ્રીએ ચાલુ મુલાકાતે એક ગીતની રચના કરી તે ગાવા લાગ્યા. સર્વેશ્વરીએ લખ્યું, 'અમે નાના અમારી ના શક્તિ નાની...' પૂ. શ્રીના ફોટા પાડ્યા.

સાંજની બેઠકમાં આશાના પ્રેમભાવનું વર્ણન કરતાં પૂ. શ્રીએ કહ્યું, 'બંગલાઓ ઘણાં હોય પણ દિલના બંગલા કોઈક જ જોવા મળે.' આશાનો લેખ ને ડાયરીનું વાંચન થયું. બાળકો માટે પ્રાર્થનાના નિયમો, શાળામાં અપાતા ખોરાકનું ધ્યાન રાખવાની વગેરે વાતો થઈ. આજે ધ્યાનની બેઠક પણ થઈ. પછી મમરાનો નાસ્તો લઇ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)

જીવનમાં ધ્યાનનો સાચો આનંદ મનની સ્થિરતા થયે જ મળે છે. શું તમારે એ આનંદનો અનુભવ કરવો છે? તો એવી સ્થિરતા પ્રાપ્ત કરવા આજથી જ કૃતસંકલ્પ થાઓ.

**–યોગેશ્વરજી**

ફોન : દુકાન : **૨૨૫૮૮૧૨** ઘર : **૨૬૬૪૦૭૮**
મોબાઇલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# શ્રી શ્રી મા શારદાદેવી—(૧૦)—૨

પ્રો. અરુણિકા મનોજ દરૂ

માતાજીનું માતૃત્વ જયરામવાટી ગામ કે કલકત્તા શહેર પૂરતું જ મર્યાદિત ન હતું. તે તો સીમાડાઓ ભેદી છેક વિદેશ વસતા ગોરાઓ સુધી વિસ્તર્યું હતું. વિદેશીઓ પણ તેમને તો પોતાના જ સંતાનો લાગતાં. સ્વામી વિવેકાનંદનાં શિષ્યા ભગિની નિવેદિતાને માતાજીએ પ્રેમથી પોતાની પુત્રીવત્ રાખેલાં. માતાજી અંગ્રેજી જાણે નહીં, ભગિની નિવેદિતા બંગાળી જાણે નહીં, છતાં બંનેને ભાવવિનિમયમાં કોઇ તકલીફ પડતી નહીં. નિવેદિતા તો થોડો વખત માતાજી સાથે રહેલાં અને પછીથી બંગાળી પણ શીખેલાં. ભગિની નિવેદિતાએ તેમના એક પુસ્તકમાં નોંધ્યું છે કે ઇસ્ટરમાં માતાજી મારા ઘરે પધારેલાં ત્યારે અમારાં સંગીત ને ભજનોમાં માતાજી એવાં તો લીન થયેલાં, ત્યારે મને સમજાયું કે માતાજી શારદામણિદેવી એ કોઇ સામાન્ય પ્રેમાળ ગૃહિણી નથી; પણ આધ્યાત્મિકતાની ઉચ્ચ અવસ્થાએ પહોંચેલી દૈવીશક્તિ છે. પરદેશી ભક્તો પર માતાજી પ્રેમ વર્ષાવતાં એટલું જ નહીં, એમનો શિષ્ટાચાર પણ શીખ્યા હતાં.

### નિષ્કામકર્મયોગિની

શ્રી મા નિષ્કામ કર્મની સાક્ષાત્ પ્રતિમા શા હતાં. સંસારના બંધનમાં રહીને સંસારનાં બધાં કાર્યો ઈશ્વરની સેવા અર્ચનાની જેમ કરતાં અને તેમાંથી પરમોચ્ચ આનંદની અનુભૂતિ કરતાં. પોતાના સંતાનો માટે યાદ કરી કરીને જપ કરતાં. બ્રાહ્મમુહૂર્તમાં



પૂજા વખતે, બપોરે અને સાંધ્યસમયે એમ ચાર વખત જપ કરતાં. શ્રી માના માતૃત્વની શક્તિ પાસે તો ઠાકુરને પણ હાર સ્વીકારવી પડેલી. ભૂતકાળમાં જેનું જીવન મલિન હતું તેવી સ્ત્રીને 'તમે પિતા કલંકિની કન્યાને ત્યાગી શકશો, પણ હું મા એને ત્યજી નહીં શકું' એમ કહી ઠાકુરની અનિચ્છા છતાં, શ્રીમાએ તેને પોતાની પાસે આવતાં રોકી ન હતી.

### ક્ષમામૂર્તિ મા

ચોરી કરનાર નોકરને નરેને કાઢી મૂક્યો. તે ચોરનોકરે પોતાની ગરીબીની વાત શ્રીમાને કરી. તે શ્રી મા પાસે રડ્યો તો માએ તેને ફરીથી કામે રખાવ્યો એવાં દયાળુ હતાં શ્રી મા! પવિત્રતા, નિર્મળતા, સરળતા, ત્યાગ, તિતિક્ષા, સહિષ્ણુતા, જીવદયા, ક્ષમા, વ્રત, નિષ્ઠા એ બધા સદ્‌ગુણોનો સરવાળો એટલે શ્રીમાનું મમતામયી જગદજનનીનું સાચું સ્વરૂપ. તેમના જ શબ્દોમાં જોઇએ તો "શું કરું? હું તો મા છું. મારાથી કોઇને કેમ તરછોડાય! મારી પાસે આવે છે બધા રેંજીપેંજી ગરીબ-ગુરબાં, નીચલી કોટિના માનવીનાં ટોળાં. ગણ્ય—માન્ય વ્યક્તિ-ઓ ક્યાંથી લાવું? હું તો બધાની મા. જે બધા સામાન્ય, નગણ્ય, અધમ, અયોગ્ય તે બધા ક્યાં જશે? હું પણ જો તેમને પાછા કાઢું તો પછી હું મા શા માટે થઇ?"... ઠાકુરે તો લઇ લીધા બધા સારા સારા છોકરાઓ, ટાળી ટાળીને ચકાસી ચકાસીને, અને ઠેલી દીધા બાકીના બધા મારા તરફ. એ બધા જ મારી હૂંફમાં બેઠા છે કોઇ મારી ગણતરી બહાર નથી. એવા બધા સાવ સામાન્ય નગણ્ય તથા અધમને પોતાના આત્મજ સંતાન તરીકે સ્વીકારીને શ્રીમાએ તેમનું જે શ્રેય સાધ્યું તેવું ભાગ્યે જ કોઇ કરી શકે. શ્રીમાના હૃદયમાંથી સ્વયંસ્ફૂરિત

વહેતા વાત્સલ્યના સ્રોતને એ આભારી છે. શ્રીમાના નિર્વ્યાજ સ્નેહવારિમાં ભીંજાઇને એ અબુધ સંસારીજનો ખરે જ ધન્ય બની ગયા.

### માતૃ સંવેદનશીલતા

શ્રીમાને પોતાના સંતાનોની સદૈવ ચિંતા રહેતી. તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. મૈમનસિંગના ભક્તોનું મૈમનસિંગથી શ્રી-માના કૃપાપાત્ર ચાર ભક્તો જયરામવાટી શ્રીમાના દર્શને આવેલા. શિયાળો પૂરો થવા આવેલો અને શ્રી મા થોડા દિવસ પહેલાં જ તાવમાં સપડાયેલાં એટલે ભક્તોની આવજા બંધ હતી, હવે શ્રીમા થોડા સ્વસ્થ થયાં જાણીને તેમના ભક્તો તેમનાં દર્શને આવેલા. બેએક દિવસ રોકાઇને તેઓ પાછા જવાના હતા. શ્રીમા તેમને મળીને પ્રસન્ન થયાં. સ્નેહપૂર્ણ વાત-ચીત થઇ. બીજે દિવસે શ્રીમાની અનુમતિ લઇ તેઓ કામાર-પુકુર દર્શન માટે ગયા, થોડીવારમાં વરસાદ શરૂ થયો. શ્રીમાને તેથી ચિંતા થઇ. શ્રીમાની ચિંતા વાજબી જ હતી. બીજે દિવસે જ્યારે ભક્તો કામારપુકુરથી પાછા ફર્યા ત્યારે તેમના નેતા તાવમાં પીડાતા હતા. આમ પણ દેશમાંથી આવ્યા ત્યારે જ તેમનું સ્વાસ્થ્ય બહુ સારું ન હતું અને તેમાં કામારપુકુર જતા રસ્તામાં ભીંજાયા તેથી તાવ આવ્યો.

શ્રી મા પાસે ધર્માદા ઔષધાલય હતું. પણ તેમાં હોમિયો-પથીની દવા મળતી. મેલેરિયા માટે ક્વીનાઇન વગેરે દવા હતી તેથી ઉપચાર તો કર્યા પણ ભક્તનો રોગ વધતો ગયો, તેથી ડર લાગ્યો કે તે પાછો માંદો ન પડે. એટલે તેના ઉપચાર માટે તેને કોઆલપાડા આશ્રમમાં મોકલવાનું નક્કી કર્યું. રોગી ખુદ પણ જવાનો આગ્રહ તો કરતો જ હતો. પણ શ્રીમાને માંદો પુત્ર



મુસાફરી કરી અહીંથી જાય તે પસંદ ન હતું. પણ બીજો કોઇ ઉપાય જ ન હતો. અહીં રોગીની બરાબર ચિકિત્સા થઇ શકે તેમ ન હતી. જ્યારે કોઆલપાડામાં સરકારી દવાખાનું હતું. ડોક્ટર પણ સારા હતા. આશ્રમમાં રહેવાની પણ સુવિધા સારી હતી એટલે રોગીને ત્યાં જલદીથી મોકલવાની વ્યવસ્થા કરવામાં સહુ રોકાયા.

જે દિવસે તેમને કોઆલપાડા રવાના કરવાના હતા તે દિવસે શ્રી મા પાસે અનેક ભક્તો આવ્યા હતા. બપોરે જમવામાં મોડું થયું હતું. જમીને એક પછી એક ભક્ત વિદાય થવા લાગ્યા. સ્વામી વિદ્યાનંદ રોગી તથા તેના સાથીઓને લઇને કોઆલપાડા આશ્રમમાં જવાના હતા પાલખીની વ્યવસ્થા કરી હતી. પાલખી આવતાં રોગીને તેમાં બેસાડી બધા જલદીથી નીકળી ગયા. શ્રી માની આંખમાં આંસુ આવી ગયાં.

આ લોકોના નીકળ્યાને થોડી જ વારમાં આકાશ જે પહેલાં-થી જ વાદળોથી થોડું થોડું ઘેરાયેલું હતું તેમાંથી વર્ષા શરૂ થઇ. રોગીને જલદીથી રવાના કરવાની દોડધામમાં આકાશ તરફ ખાસ કોઇએ ધ્યાન આપ્યું ન હતું. થોડી જ વારમાં કાલવૈશાખી સમાન આંધી સાથે મૂશળધાર વર્ષા શરૂ થઇ અને શ્રીમા એકદમ બેઠાં થઇ, દરવાજા પાસે દોડી આવ્યાં. જાણે બેહોશીમાં હોય તેમ માથા પરનો સાડીનો છેડો જમીન પર ઢસડાવા લાગ્યો. વાળ વિખરાઇ ગયા. દરવાજા પાસે ઊભા રહી આકાશ સામે જોતાં બે હાથ જોડીને વ્યાકુળતાથી રડતાં રડતાં શ્રી મા વારંવાર પ્રાર્થના કરવા લાગ્યાં ''ઠાકુર મારા બચ્ચાની રક્ષા કરો, ઠાકુર.'' શ્રી માની આંખમાંથી અવિરત અશ્રુધારા વહેતી હતી. માની સેવામાં ઉપસ્થિત સેવક તો આ દૃશ્ય જોઇ કિંકર્તવ્યમૂઢ

બની ગયો. પછી શ્રી માને સાંત્વન આપતા બોલ્યો વિદ્યાનંદ મહારાજ સાથે છે, તે બુદ્ધિમાન અને કુશળ છે. પાલખી ઊંચક-નારા પણ વિશેષ પરિચિત, આજ્ઞાકારી અને વિશ્વાસુ છે અન્ય ભક્તો પણ સાથે છે. તમે ચિંતા ન કરો. એમ કહી સમજાવીને તે શિષ્યસેવક શ્રીમાને દરવાજા પાસેથી રૂમની અંદર લઇ ગયો.

શ્રી મા ઠાકુરની છબી સામે વ્યાકુળ થઇ રડવા લાગ્યા. વારંવાર કહેવા લાગ્યા, ''દુહાઇ છે ઠાકુર, મારા બચ્ચાની રક્ષા કરો.'' થોડીવારે આકાશ સાફ થયું. શિષ્યે સમજાવીને શ્રી માને સુવાડી દીધાં પણ સૂતાં સૂતાં શ્રી મા આંસુભરી આંખે 'મારા બચ્ચાની રક્ષા કરો ઠાકુર' એમ સતત ઠાકુરને વિનંતી કરતાં જ રહ્યાં. ફરી પાછો જોરદાર પવન ફૂંકાયો અને વર્ષા શરૂ થઇ. શ્રી મા પાછા પથારી છોડી દરવાજા તરફ ગયાં. પાછી એ જ બેહોશીભરી સ્થિતિ. ઘડીમાં દરવાજા પાસે જાય આકાશ સામે જોઇ, હાથ જોડી પ્રાર્થના કરે, ઘડીકમાં રૂમમાં આવી ઠાકુરની છબી સામે જોઇ રડતાં રડતાં પ્રાર્થના કરે. શિષ્યે જેમતેમ શ્રી માને સમજાવ્યા. અડધી રાતે બધું શાંત થયું ત્યારે તેઓ સૂતાં. બીજે દિવસે વિદ્યાનંદ ત્યાંથી પાછા ફર્યા અને શ્રી માને સર્વની કુશળતાના સમાચાર આપ્યા. વિદ્યાનંદજીએ કહ્યું કે આંધીવર્ષા વખતે અમે દેશડાના એક બેઠકખાનામાં આરામ કરતા હતા. વરસાદ અટક્યો પછી ફાનસ લઇ રાત સુધીમાં કોઆલપાડા પહોંચી ગયા હતા, ત્યાં જઇ જમ્યા પછી સૂતા ત્યારે શ્રી માને શાંતિ થઇ. શિષ્યો તથા ભક્તોની ક્ષેમકુશળતા માટેની શ્રી માની વ્યાકુળતા કેટલી પ્રબળ માત્રામાં હતી તે આ પ્રસંગ પરથી સમજાય છે.



## સહુનાં મા

આવો જ એક બીજો પ્રસંગ પણ શ્રી માના નિઃસ્વાર્થ પ્રેમભાવનો સુંદર દ્યોતક છે. એક વાર શ્રી માના કૃપાપાત્ર ભક્ત સેનમહાશયે થોડો સામાન એક મજૂરણ સાથે શ્રી મા માટે મોકલ્યો. તે મજૂરણ શ્રી મા પાસે બપોરે પહોંચી. સેન-મહાશયના ભક્તિપૂર્વક પ્રણામ નિવેદન કરીને શ્રી માને બધો સામાન આપ્યો. શ્રી માએ તેને સ્નેહપૂર્વક નાહી, જમી થોડો વિશ્રામ કરીને જવા કહ્યું. મજૂર, ગાડીવાન પાલખીવાહક, ફેરિયો માછીમાર જે કોઇ શ્રી માને ઘરે આવે તે બધા સાથે શ્રી માનો વ્યવહાર સમાન રહેતો. બધા જ શ્રી મા માટે તો પોતાના સંતાન સમાન હતા. તે સહુ પણ શ્રી માની સ્નેહપૂર્ણ દૃષ્ટિ ભૂલી નહીં શકતા. પછી ભલે તેમનો સંબંધ આધ્યાત્મિક પાયા પર રચાયો ન હોય તોપણ શ્રી માની મમતા અને વાત્સલ્યનો જેમણે એક વાર પણ અનુભવ કર્યો હોય તે વ્યક્તિ 'મા' 'મા' કરવા લાગતી અને શ્રી માથી વાસ્તવમાં વયમાં મોટી હોય તેવી વ્યક્તિ પણ તેમના સંતાન બનીને તેમના સ્નેહપાશમાં બંધાઇને તેમના દર્શને દોડી આવતી. શ્રી માનો સહજ વાત્સલ્યભાવ તેમને જાણે બાળક બનાવી દેતો.

પેલી મજૂરણે તેલ ચોળી સ્નાન કર્યું. ભરપેટ જમી. મોડું થવાથી શ્રી માએ રાત રોકાઇ જવા કહ્યું. તે સ્ત્રી મોટી ઉંમરની હતી. માથા પર બોજો લઇને ચાલતી આવેલી ઉપરાંત તેની તબિયત પણ સારી ન હતી. રાતના તાવમાં બેહોશની જેમ પડી રહી. શ્રી મા સવારે વહેલાં ઊઠતાં જોયું તો બેહોશીની હાલતમાં વૃદ્ધાએ બિસ્તર ખરાબ કરી નાખેલું. અન્યસેવકો જાગે તો બિચારી મજૂરણને ખીજવાય અને તે મજૂરણને સાંભળવું પડે

એ વિચારે શ્રી મા વ્યાકુળ થઇ ગયાં. તેમણે કૈંક વિચારી લીધું. પછી ધીમેથી પેલી મજૂરણને ઉઠાડી. મમરા તથા ગોળ જલપાન માટે આપ્યા અને કહ્યું : ''બેટી! તડકો નીકળે તે પહેલાં તું અહીંથી રવાના થાય તો તને તકલીફ નહીં પડે!'' મજૂરણ જલપાન કરી શ્રી માને પ્રણામ કરી ચાલી નીકળી. તે પછી શ્રી માએ જાતે ચૂપચાપ બધું સાફ કર્યું. છાણમાટીથી જગ્યા લીપી નાંખી અને ચટાઇ સાફ કરી સૂકવવા મૂકી. બીજા બધા ઊંઘતા હતા એટલે તે વાતની કોઇને ખબર જ ન પડી, એક બુદ્ધિશાળી મહિલાએ ઊલટ તપાસ કરી, પૂરી વાત જાણી લીધી અને શ્રી માની તે અદ્‌ભુત લીલા સર્વની પાસે સ્પષ્ટ કરી ત્યારે સહુએ વાત જાણી. એક અભણ વૃદ્ધ મજૂરણ માટે પણ શ્રી માનો કેવો નિર્મળ પ્રેમભાવ!

શ્રી માને ઘરે ગાય ચરાવનાર એક અનાથ બાળક ગોવિંદ નામે હતો. તેની ઉંમર નવદસ વર્ષની. શ્રી માની સ્નેહભરી દેખભાળ નીચે તે મોજથી જીવતો હતો. એક વાર એને ખુજલી વધી ગઇ. ગુપ્તાંગમાં પ્રસરી. નાદાન બાળક બિચારો કહે પણ કોને? એટલે રડવા માંડ્યો. શ્રી માએ સ્નેહથી પૂછીને રડવાનું કારણ જાણી લીધું. બીજે દિવસે વહેલા ઊઠીને શ્રી માએ જાતે હળદર અને લીમડાને વાટીને લેપ તૈયાર કર્યો. તેને કેવી રીતે લગાવવો તે સમજાવ્યું. એ લેપ લગાવ્યા પછી તેનો રોગ ગયો. તે ખુશખુશાલ થઇ ગયો. શ્રી મા તેને પ્રસન્ન જોઇ આનંદ પામ્યાં. શ્રી માની સ્નેહસુધાસભર દૃષ્ટિ સંસારમાં સંતપ્ત લોકોને માટે મધુર શીતલ ગંગાજળ સમાન સાબિત થતી.

શ્રી માની એક બીજી વિશેષતા એ હતી કે તેઓ બીજાનું દુઃખ અને શોકાવેગ ખેંચી લેતાં. સ્વયં તેનો અનુભવ કરતા



અને તેથી સામી વ્યક્તિ દુઃખ ઓછું થયાનો અનુભવ કરતી. એક વાર એક વિધવા પુત્રના મૃત્યુથી શોકસંતપ્ત થઇ શ્રી મા પાસે આવી અને રડવા લાગી. શ્રી મા તેની વાત સાંભળીને જોરજોરથી રડવા લાગ્યાં. શ્રી માનું રુદન સાંભળી સહુ દોડી આવ્યા. શ્રી માને જોઇ અવાક્ થઇ ગયા. એવું લાગતું હતું જાણે શ્રી મા પોતે જ પુત્રવિયોગનો અનુભવ કરી રહ્યાં ન હોય! થોડી વારે પુત્રવિયોગિની મહિલાનો શોક શાંત થયો. તેણે આંસુ લૂછી, શ્રી માને પ્રણામ કર્યા. જવાની અનુમતિ માંગી. શ્રી માએ આંસુ લૂછી તેને આશિષ આપ્યા.

## નિર્દોષતા ને મમતાની મૂડીસમા મા

શ્રી મા ક્યારેક નિર્દોષ બાલિકા જેવું વર્તન પણ કરી લેતાં. એક વાર શ્રી મા અને એક સેવક રોટલી વણતા હતા. નલિની રોટલી શેકતી હતી. વાતવાતમાં નલિનીએ કહ્યું કે ફોઇની રોટલી બરાબર થતી નથી. શ્રી મા બાલિકાની જેમ રીસાયાં કહ્યું : ''જાઓ, હું હવે રોટલી વણવાની નથી.'' પાસે બેઠેલા રોટલી વણનાર સેવકે કહ્યું અહીં તો આપણા બંનેની વણેલી રોટલી પડી છે તો નલિનીદીદીને કેવી રીતે ખબર પડે કે કઇ રોટલી કોણે વણી છે? વાત સાંભળી શ્રી મા બાલિકાની જેમ પ્રસન્ન થયાં અને ફરીથી આનંદપૂર્વક રોટલી વણવા લાગ્યાં. શ્રી મા ખુદ જગદંબા છતાં તેમના સ્વભાવમાં બાલિકાની કેવી સહજ નિર્દોષતા!

આમ નિર્દોષતા, નિખાલસતા અને નિર્વ્યાજ પ્રેમભાવ એ આ મમતામયી માતાની અમૂલ્ય મૂડી હતી. એ મૂડીમાંથી એમણે જીવનભર આસપાસના સાધુસંતો, શિષ્યો, ભક્તો, સેવકો અને આગંતુકોને લહાણ કરી. છતાં અક્ષયપાત્ર સમી એ

મમતાની મૂડી ક્યારેય કોઈને માટે પણ તલપૂર ઓછી થઈ ન હતી. સર્વ જન તરફ આવો સમાન નિર્મળ સ્નેહભાવ એ સ્વાભાવિક વાત નથી. સંસારમાં રહેનાર સામાન્ય વ્યક્તિ માટે તો તે શક્ય પણ નથી. શ્રી મા ખુદ જગદંબાનો જ અવતાર હોઈ આ કલ્પનાતીત વાસ્તવિકતા સ્વીકારવી રહી.

(ક્રમશઃ)

મનુષ્યનું સંપૂર્ણ અને શાશ્વત આનંદ પ્રાપ્તિનું લક્ષ્ય તો, ત્યારે પ્રાપ્ત થશે જ્યારે ધ્યાનમાં જોડી પેલું એનું ચિત્ત પોતાના આસલ આત્મસ્વરૂપમાં અવગાહન કરશે. ને મળી જશે. શરીરનું જ નહિ પણ મન અને ઈન્દ્રિયોનું બધું જ ભાન ભૂલાવનારી એ અવસ્થાને સમાધિના નામે ઓળખવામાં આવે છે. — યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



**'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'**

# 'સભાન શાશ્વતી'

**પ્રકરણ : ૨** **અંગેસંપાદન :પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા**

**અન્યને સહાય કરવા** **અનુવાદ : તરલા દેસાઈ**

(માનવજાતને સુધારવાના અને જગતમાં પરિવર્તન લાવવાના સઘળાં લક્ષ્યો, ધારણાઓ અને ઈચ્છાઓ જે સૃષ્ટિનું સંચાલન કરે એ વૈશ્વિક શક્તિ પર છોડી દો. એ અબુધ નથી. જેની આવશ્યકતા છે તે એ કરશે.'આ હું કરું છું' એ ભાવ ત્યજી દો. અહંકારીપણાથી મુક્ત થાઓ.

કશીક સુધારણા કરનાર તમે છો એવું માની ન લો. આ તમામ ધ્યેયોને વેગળે મૂકો, ઈશ્વરને એની સંભાળ લેવા દો. અહંકારભાવમાંથી બહાર આવ્યા પછી એને કારગત બનાવવાં ઈશ્વર કદાચ તમને સાધન તરીકે પ્રયોજે પણ ફેર એ પડશે કે તમારામાં એ કરવાની સભાનતા નહિ હોય. શાશ્વતી તમારા દ્વારા કાર્ય કરશે અને કાર્ય કથળાવી દેતો અહંભાવ ત્યાં નહિ હોય. નહિ તો નામ કે કીર્તિની લાલસા રહેશે અને મનુષ્ય માનવજાતને બદલે પોતાની અંગત જાતની સેવા કરશે.

લોકો જેને શેતાન, દુષ્ટ કે આસુરી બળો કહે છે એ કેવળ સાચા સ્વરૂપનું અજ્ઞાન છે. બધા જ મનુષ્યો વત્તેઓછે અંશે દુઃખી છે કારણ કે તેઓ પોતાના સાચા સ્વરૂપને ઓળખતા નથી. સાચું સુખ કેવળ આત્માજ્ઞાનમાં જ છે. બીજું સઘળું ક્ષણિક છે. પોતાનું સાચું સ્વરૂપ ઓળખવું હંમેશાં વરદાયી છે.)

પ્રશ્ન : મારો મિત્ર પોતાના સુખને ભોગે પણ સામાજિક

સેવાકાર્ય કરવા ઉત્સુક છે.

મહર્ષિ : તેનું નિસ્વાર્થ કાર્ય સહાયકારી છે. એની ઉપયોગિતા નકારી શકાય નહીં. જુઓ એણે ત્યાં કામ કરવાનું કેવું ચાલુ રાખ્યું! અને તમે એને કેવા વાર્તાલાપના અંશો મોકલ્યા! તમારા બે વચ્ચે એક જોડાણ છે. કાર્ય એના ચિત્તને એટલુ બધું શુદ્ધ કરી દીધું કે સંતોના જ્ઞાનની આંતરસૂજ એને તૈયાર(રેંડીમેડ) મળી ગઈ! આધ્યાત્મિક ઉન્નતિની યોજનામાં સામાજિક કાર્યને સ્થાન છે. કાર્ય સામાજિક છે, સ્વાર્થી નથી. ઈશ્વર સદૈવ દ્રષ્ટિમાં રહે છે. લોકકલ્યાણ પોતાના કલ્યાણ સંદેશ છે. આવી શરીર અને મનની પ્રવૃત્તિઓ ચિત્તને શુદ્ધ કરે છે. આવાં ઉમદા સામાજિક કાર્યો ચિત્તને અધિક શુદ્ધ કરવાનો એક રસ્તો છે.

પ્રશ્ન : પણ સામાજિક કાર્ય આપણને ધ્યાન માટે અવકાશ ન આપે તો!

મહર્ષિ : અલબત સામાજિક કાર્યમાં જ આપણા પ્રયત્નોની ઈતિશ્રી નથી. આપણું દ્રષ્ટિબિંદુ હંમેશા ઉચ્ચતમ સત્ય પર હોવું જોઈએ. સમય આવ્યે બધું બરાબર થઈ રહેશે.

પ્રશ્ન : આપણે બીજાની આધ્યાત્મિક આળસ કેવી રીતે દૂર કરી શકીએ?

મહર્ષિ : તમે તમારી પોતાની દૂર કરી છે? તમારી પૂછપરછ આત્માની ખોજ તરફ વાળો. તમારી અંદર જમા થયેલ શક્તિ પછી બીજા પર પણ સક્રિય થશે.

પ્રશ્ન : પોલ બ્રંટનના પ્રેરિત કાર્યનો વિચાર શું છે?



મહર્ષિ : પ્રવૃત્તિઓને ચાલવા દો. તે શુધ્ધ આત્માને અસર કરતી નથી. મુશ્કેલી એ છે કે લોકો પોતે કર્તા છે એવું માની લે છે. આ ભૂલ છે. કોઈ ઉચ્ચત્તર શક્તિ છે જે બધું કરે છે અને મનુષ્ય તો કેવળ સાધન છે. આ અવસ્થા મનુષ્ય સ્વીકારી લે તો તે ઉપાધિઓથી મુક્ત થઈ જશે. નહી તો તે તેના પરનો ઘુમ્મટ ભારે ગર્વ ધારે છે પણ એનો મીનારો જમીન પર ટકેલો હોય છે અને તે જ ઈમારતનો આધાર છે. ઘુમ્મટ મીનારાનો એક ભાગ છે પણ એનો દેખાવ એવો છે જાણે એ જ મીનારાનો ભાર ઉપાડતો હોય! એ હાસ્યાસ્પદ નથી? જે પોતાને કર્તાભાવે વિચારે છે એ મનુષ્યનું પણ કંઈક આવું જ છે.

પ્રશ્નઃ સામાજિક સુધારણા અંગે આપ શું માનો છો?

મહર્ષિ : આત્મ સુધારણા એની મેળે લાવશે. તમે આત્મ-સુધારણા ચાલુ રાખો. સામાજિક સુધારણા એની સંભાળ સ્વયં લેશે.

પ્રશ્ન : ગીતાએ કર્મયોગ એટલે પ્રબોધ્યો કારણકે નિસ્વાર્થ ભાવે પોતાના કાર્ય કરવા એવો એનો ઉપદેશ છે?

મહર્ષિ : ના. અહંકારના ભ્રમને જાણ્યા પછી જ એ જ્ઞાન પ્રાપ્ત કરી શકાય. તેથી એણે ખરેખર 'જ્ઞાનયોગ' શીખવ્યો જે સર્વોત્તમ છે. તે એ કે, વૈશ્વિક ક્રિયાને આપણામાં સિંચવા દઈને એના દ્વારા આપણે કાર્ય કરવું જોઈએ.

પ્રશ્ન : હું ડોક્ટર છું. હું લોકોનો ઉત્તમ ઈલાજ કઈ રીતે કરી શકું?

મહર્ષિ : કાયમી ઈલાજ તો જ્ઞાન છે. એ દર્દીઓએ પોતે

સમજી લેવું જોઇએ અને તે એમની સમજશક્તિ પર આધારીત છે. નહિતર એક રોગ જશે ને બીજો આવશે.

પ્રશ્ન : દૂનિયાના ભૌતિકવાદને દૂર કરવાની કોઇ શક્તિ મળી શકે ખરી?

મહર્ષિ : મનુષ્ય પોતે અસમર્થ હોવાથી માનવકલ્યાણ અર્થે દિવ્ય શક્તિઓ માગે છે. આ એક લંગડા માણસ જેવી વાત છે. જેણે કહ્યું કે જો તેને પગ મળી જાય તો તે દુશ્મનને પટકી દે. આશય સારો છે પણ એમાં ઔચિત્ય (વિવેક) નથી.

પ્રશ્નઃ હું બીજાને મદદ કવી રીતે કરી શકું?

મહર્ષિ : તમારે માટે મદદ કરવા બીજું શું છે? જે બીજાને મદદ કરવાનું છે તે 'હું' કોણ છે? પહેલાં આ મુદો સ્પષ્ટ કરો અને પછી બધું એની મેળે થઇ રહેશે.

પ્રશ્ન : પશ્ચિમમાં લોકો એકાંતવાસી સાધુઓ કેવી રીતે સહકારી થઇ પડે એ સમજી શક્તા નથી?

મહર્ષિ : યુરોપ-અમેરિકાની ચિંતા ન કરો. એ તમારા મન સિવાય બીજે ક્યાં છે? તમે જ્યારે સ્વપ્નમાંથી જાગો છો ત્યારે તમારા સ્વપ્નસર્જિત લોકો જાગ્યા કે નહિ તેની ખાતરી કરી લો છો?

પ્રશ્ન : બીજાની સમસ્યામાં હું મદદરૂપ કઇ રીતે થઇ શકું?

મહર્ષિ : આ 'બીજાની વાત' એ શું છે? એક જ છે. 'હું,' 'તમે' ને 'તે' જેવું કંઇ છે જ નહિ, એક જ 'આત્મા' છે અને એ જ બધું છે. એ સમજવા પ્રયત્ન કરો. જો તમે 'બીજાની' સમસ્યામાં વિશ્વાસ ધરાવો છો તો તમે આત્માની બહાર કોઇના



કંઇકમાં વિશ્વાસ ધરાવો છો. બહારની કોઇ પ્રવૃત્તિ કરવા કરતાં દરેકની સાથે એકતા કે સમરૂપતા સાધીને સર્વોત્તમ મદદ કરી શકશો.

પ્રશ્ન : જગત પ્રત્યેનો પ્રેમ દર્શાવવો કઇ રીતે?

મહર્ષિ : સર્વ માટે અનુકંપાસભર પ્રેમ રાખો પણ ગુપ્ત રાખો. એનું પ્રદર્શન ન કરો કે એને વિશે બોલો નહિ. જો તમારી આકાંક્ષાઓ પરિપૂર્ણ થાય તો એની બડાશ ના મારો. અને જો તમે હતાશ થાઓ તો ય શ્રદ્ધા ન ગુમાવો. ઉત્સાહ આભાસી-ભ્રામક પણ હોઇ શકે, એ ચકાસી જોવો જોઇએ. કારણકે પ્રારંભિક આનંદ અંતિમ વિષાદમાં ય પરિણામે. છેવટે ગમે તે થાય તમે એનાથી પ્રભાવિત થયા વિના જેવા છો તેવા (આત્માસ્વરૂપે)રહો.

## મનુષ્યને પ્રકાશમાં લાવનાર ગુણો

(૧) પ્રજ્ઞા (જ્ઞાનનાં સંસ્કારવાળી બુદ્ધિ) (૨) કુલિનતા (૩) દમ (૪) વિદ્યા (૫) પરાક્રમ (૬) અબહુભાષિતા (પ્રયો-જન વિના બહુ ન બોલવું તે) (૭) યથાશક્તિ દાન (૮) કૃતજ્ઞતા (આપણા પર કરેલા ઉપકારને નહિ ભુલવો તે.)

## સત્કર્મનો મહિમા

(૧) સત્કર્મ દુર્જનને સજ્જન બનાવે છે. (૨) મૂર્ખને પંડિત બનાવે છે. (૩) અહિત કરનાર શત્રુને હિતકારી બનાવે છે. (૪) પરોક્ષ વસ્તુને પ્રત્યક્ષ બનાવે છે. (૫) હલાહલ વિષને અમૃત બનાવે છે.

# ભક્તિ

સ્વામી ચિદાનંદ સરસ્વતી

આ જગતમાં જે જે રૂપો દેખાય છે, તે બધાં જ રૂપ ભગવાને પોતે જ ધારણ કર્યાં છે. અર્થાત્ ભગવાન જ આ સર્વ રૂપોમાં પ્રકટ થયા છે. જે જે નામો સાંભળવામાં આવે છે, તે બધાંય ભગવાનનાં જ નામ છે. જગતમાં જે કંઇ અનુકૂળ પ્રતિકૂળ કે શુભાશુભ વ્યવહાર દેખાય છે તે ભગવાનની જ લીલા છે.

આ વાત બરાબર સમજાઇ જાય, અને તદનુરૂપ જીવન જીવી શકાય તેનું નામ સાચી ભક્તિ.

આવી ભક્તિ પ્રાપ્ત કરવાનાં સાધન, ભગવાન પ્રત્યે વિશુદ્ધ આત્મસમર્પણ અને અનન્ય શરણાગતિ છે.

આ બે સાધન સિદ્ધ કરવા માટે આત્મશુદ્ધિ કરવી જોઇએ, એટલે કે અંતઃકરણને નિર્મળ બનાવવું જોઇએ.

અંતઃકરણને નિર્મળ બનાવવા માટે નિષ્કામ કર્મનું અનુષ્ઠાન અને ભગવાનનાં કોઇ પણ નામનો જપ, પૂરતાં સાધન છે.

એટલે હવે ભગવાનનાં દર્શન કરવા માટે ભક્તે કયે રસ્તે ચાલવું જોઇએ, તે સ્પષ્ટ થઇ ગયું.

પહેલાં તો નિષ્કામકર્મ અને નામજપદ્વારા અંતઃકરણને નિર્મળ બનાવવું જોઇએ. ત્યાર બાદ આત્મસમર્પણ કરી, ભગવાનને શરણે જવું જોઇએ, જેથી ભગવાનની કૃપાથી દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થશે, અને તેથી જગતનાં તમામ નામરૂપ, ભગવાનનાં જ નામ અને રૂપ દેખાશે, અને જગતના સર્વવ્યવહાર ભગવાનની લીલારૂપ જ દેખાશે. પરિણામે સર્વત્ર ભગવાનનું જ દર્શન થયા કરે, એ જ ભગવાનનો સાક્ષાત્કાર. **શ્રી હરિઃ શરણમ્**



પૂ. યોગેશ્વરજી રચિત

# પ્રકાશના પંથે ગ્રંથનું પ્રકાશન પર્વ

ડો. બી. જે. જાગાણી

### પાંચમો દિવસ

આજે તા. ૨૮—ડીસેમ્બર, ૨૦૦૫ છે. આ પ્રકાશન પર્વનો પાંચમો દિવસ છે.

આ અગાઉ વિદ્વાન ને પૂ. શ્રીના જીવનથી પરિચિત સાધકોએ પૂ. શ્રી યોગેશ્વરજીના આ ગ્રંથનો મહિમા વ્યક્ત કરતાં વિવિધ પાસાઓ પર મનનીય પ્રવચનો આપ્યાં છે, તેમાંથી શ્રોતાઓને જીવનના ઉઘાડ માટેનું સરસ ભાથું પ્રાપ્ત થઇ રહ્યું છે. આ માટે જ પૂ. મા શ્રી સર્વેશ્વરીએ કોઇ પણ ગ્રંથના પ્રકાશનના બીજા સંસ્કરણને કદી પ્રાપ્ત ન થયો હોય તેવો મહિમા ધરતો આ સાત દિવસના પર્વનો પ્રસંગ પ્રયોજ્યો છે.

આ ગ્રંથના પૃષ્ઠો પર આલેખાયેલ પૂ. શ્રીના જીવનના જે સર્વોત્તમ ગુણો છે, જેવા કે પ્રભુ પ્રાપ્તિ માટેનો પ્રબળ સંકલ્પ, તેને કાર્યાન્વિત કરવા માટેનો પ્રબળ પુરુષાર્થ, તે માટે ગમે તેટલું સહેવાની તત્પરતા, પ્રભુ પરની અતૂટ શ્રદ્ધા ને સમર્પણ—તેનું સરસ દર્શન વિદ્વાન વક્તાઓએ કરાવ્યું. પૂ. માની ઉપસ્થિતિમાં સહુ સાધકો ને શ્રોતાઓએ તે માણ્યું.

પૂ. મા સમયસર સવારની બેઠકમાં પધારે છે. ગુરુબાવનીના મંગલગાનથી પ્રારંભ થાય છે. શ્વેતવસ્ત્રો ધારણ કરેલાં પૂ. મા સ્ટેજ ઉપર રહી સહુ સાધકો સાથે પ્રણામ કરે છે. પૂ. માએ પ્રસારિત કરેલી આ પ્રણામ—ભક્તિ એ એમની સાધકોને આગવી

દેણ છે. તપકૃશ તનુવાળાં પૂ. મા જે સ્ફૂર્તિ અને તન્મયતાથી પ્રણામો કરે છે, તેનું દર્શન પણ સહુને માટે લહાવો બની રહે છે. પૂ. મા એટલે ગુરુસમર્પિત એક મહાભક્ત—મહામાનવ. જેમના જીવનનું એક માત્ર લક્ષ્ય—ગુરુ જ ઈશ્વર—એનું જ શરણ, એના જ ગુણગાન, એની જ આરાધના અને એની જ પૂજા. પરિણામે એ જ ગુરુમય બની ગયેલાં લાગે.

આજના કાર્યક્રમનો પ્રારંભ કોઇ વક્તવ્યોથી નથી, પરંતુ સેવાયજ્ઞથી છે. આ સેવાયજ્ઞના લાભાર્થીઓ છે અંબાજી આસ-પાસના ૨૦ ગામોમાં વસતાં ૨૨૦ ગરીબ આદિવાસી ભાઇ-બહેનો. કારમી ગરીબાઇમાં જીવવા મથી રહેલા આ ભાઇ-બહેનો—પૂ. માને મન પોતાના જ સંતાનો છે. તેમને પૂ. મા કરુણાભાવે શક્ય તેટલા સહાયભૂત હરવખત થતાં રહે છે. આજના દાનમાં દરેક લાભાર્થીને પ્રાપ્ત થવાનું છે તે છે ૨૦ કી. ઘઉં, ૫ કી. મગદાળ, કથરોટ ધાબળો, શેત્રંજી, રૂમાલ, સાડી કે ધોતીયું, પ્રસાદ અને રોકડ રકમ. તો અનાજનું દાન મળ્યું છે શ્રી ગોવિંદભાઇ અને શ્રી રંજનબેન તરફથી. જેની વહેંચણી શ્રી ભગવાનજીભાઇ અને શ્રી કંચનબેન તેમ જ ઉજ્જ્વલના હાથે કરવામાં આવે છે. શેત્રંજી ડો. મેનાબેન જાવિયા તરફથી, ગરમ ધાબળા શ્રી સુશીલાબેન ભક્ત તરફથી, કથરોટ શ્રી પંકજભાઇ પરમાર્થી તરફથી, સાડી કે ધોતી શ્રી નમનકુમાર તરફથી અને પ્રસાદ શ્રી ભરતભાઇ ત્રિવેદી તરફથી અપાય છે. આ ઉપરાંત આ પરિવારોને પોતાને ગામ જવા માટે વાટખર્ચ શ્રી આશાબેન, શ્રી જ્યોતિબેન, શ્રી હેમાલીબેન વગેરે તરફથી અપાય છે.

આવા સેવાયજ્ઞોની પ્રેરણા પૂ. મા જ ધરતાં રહે છે—જેમાં



દાતા નમ્રભાવે—ભગવદ્‌ભાવે લેનારને વંદન કરીને જ વસ્તુઓ કે પૈસા આપે છે. આમ પૂ. મા દાન આપવાની ઉત્તમ પદ્ધતિ પણ શીખવે છે—જેમાંથી દેનારને અભિમાન ના થાય, લેનારને હીણ-પત ના લાગે.

એક બાજુ આ સેવાયજ્ઞ ચાલે છે, તો ઉપસ્થિત સાધકો આનું દર્શન કરતા સતત સંકીર્તનમાં વ્યસ્ત રહે છે. પૂ. મા પણ આ દરેક દાતાને સતત માર્ગદર્શન આપતાં રહે છે. એક સરસ તીર્થનું સર્જન અહીં થઇ રહેલું અનુભવાય છે—જ્યાં સહુ પ્રસન્ન છે—જાણે આ પ્રસન્નતામાં જ સહુને પ્રભુના દર્શન થતાં લાગે છે.

વળી આજે પ્રકાશન પર્વના ઉદ્‌ઘોષક એવા શ્રી ભરતભાઇ ત્રિવેદીનો જન્મદિન છે. તેઓ કહે છે કે ૬૨ વર્ષમાં મારો જન્મદિન કદી જાહેરમાં ઉજવાયો નથી. આજે પૂ. માની સંનિધિમાં તે પહેલીવાર ઉજવાય છે. તો તેઓ પૂ. માને પ્રણામ કરે છે. સૌ ભક્તો આ જન્મદિવસ માટે પૂ. મા રચિત ''યોગે-શ્વર પ્રભુને ચરણે નમીને માંગીએ આજ પ્રભાતે, ભરતભાઇના જન્મદિને પ્રાર્થના કરીએ સાથે'' પદ ગાય છે. સૌ સાધકોને શ્રી જ્યોત્સનાબેન ત્રિવેદી ને મૈત્રેયી પ્રસાદ આપે છે. સ્ટેજ પર પૂ. મા શ્રી ભરતભાઇને મોમેન્ટો, રોકડ રકમનું કવર, ફૂલ, ફળોનો થાળ આપે છે. પ્રસાદથી લદાયેલા ભરતભાઇના હાથ-માંથી પ્રસાદ ઢોળાઇ જાય છે. પૂ. મા ઊભા થઇને ફરી પ્રસાદ આપે છે. સાધકો, ભરતભાઇ ને પૂ. મા નિર્દોષ હાસ્યની મસ્તી માણે છે. જોનારાને થાય છે કે આવું મારા જીવનમાં થાય તો? પ્રભુ આપે ત્યારે એટલું બધું આપે કે જીવના હાથમાંથી ઢોળાઇ જાય. ને ઢોળાયેલું ભેગું કરવામાં જ જીવન પસાર થઇ જાય.

મુંબઇના સાધક શ્રી યોગેશભાઇ પંડ્યા 'યોગેશ્વરજી એક

વિરલ વિભૂતિ'પર પ્રવચન કરે છે. બપોરના અગિયાર વાગ્યા છે. વક્તા પોતાની આગવી શૈલીમાં પૂ. શ્રીના ગુણાનુવાદ ગાય છે. એ પ્રવચનની સારમૂલક રત્નકણિકાઓ આ રહીઃ—

આ ગ્રંથ અધ્યાત્મ જગતને બ્રહ્મરસનું પાન કરાવે છે. જીવન વિકાસની પગદંડી કંડારતી પ્રેરકકથા છે. સરોડામાં જ્ઞાનની પવિત્ર સરવાણી જન્મી ને પછી મહાસાગર બની. પરમપદને પામવાની જડીબુટ્ટી છે. ગ્રંથના અધ્યાયો—પ્રકરણો તેના પ્રવેશદ્વારો છે. અજાણ્યા વાટે એકલા હાથે પ્રવાસ ખેડનારાને પ્રોત્સાહક ગ્રંથ છે. ગ્રંથરૂપી દીવડો નાના ગ્રામમાં પ્રકટી વિશ્વરૂપી મહાલયમાં જ્ઞાન, ભક્તિ ને યોગનો પ્રકાશ પાથરે છે. ઓજસના અજવાળા પાથરતી દીવાદાંડી છે. ગ્રંથમાં સંયમ, ત્યાગ, તપ, વ્રત જેવા ભૂષણોથી શણગારેલી તીર્થભૂમિ છે ને સરળ વિચારોનો અર્ઘ્ય છે. માનવજીવનની અલ્પતાનો અંત લાવવા ને જીવનને જ્યોતિર્મય બનાવવાનું ભાથું આ ગ્રંથમાં ઠાસી ઠાસીને ભર્યું છે. મા જગદંબારૂપી કલ્પવૃક્ષને પામી સ્વયં કલ્પવૃક્ષ બન્યાનો દસ્તાવેજી પૂરાવો છે. પૂ. શ્રીએ માતાની સેવા કરી ને મહાયોગી કહેવાયા. ભાગીને ગૃહત્યાગ નથી કર્યો, ભગવું પહેરી સંબંધોની અવગણના પણ નથી કરી. ભાઈલાલમાંથી ભગવંત બન્યાની કથા આ ગ્રંથમાં છે. યોગેશ્વર મંદિરમાં પૂર્વજન્મના સંસ્કારોનો મજબૂત પાયો છે, પ્રાર્થના પોકારોનો ઘુમ્મટ છે, સત્યના સોનેરી કળશો છે, બ્રહ્મચર્યના યજ્ઞમાં મંત્રનો હોમ કર્યો છે ને ભગવંત તરીકે પ્રસ્થાપિત થયા છે. આ ગ્રંથ 'હું'નું વિસ્મરણ ને 'પરમ'નું સ્મરણ કરાવે છે. પ્રાર્થનાના પોકારો પાડીને જગદંબાના દર્શન કર્યાં, સખ્ય સાધ્યું ને સાધનાદ્વારા મા જગદંબાને માનવદેહધારીરૂપે પ્રકટાવી—મા સર્વેશ્વરીને સાધકો માટે મૂકતા ગયા. શ્રી યોગેશભાઈએ પૂ. શ્રીના આ



ગ્રંથનું વિશેષદૃષ્ટિથી દર્શન કરાવ્યું.

ડો. અરુણિકાબેન દરુએ 'પ્રકાશના પંથે'માં 'પ્રચ્છન્ન પ્રબોધક સમૃદ્ધિ'પર વિદ્વત્તાપૂર્ણ પ્રવચન આપ્યું. સામાન્ય માણસો ગ્રંથ વાચે તો ગ્રંથમાં લખ્યું છે તેટલું જ વાંચી શકાય ને જાણી શકાય પણ જેમ દૂધમાં ઘી પ્રચ્છન્ન (ગુપ્તરૂપે) હોય છે. દૂધનું દહીં બનાવી, માખણ કરી, તાવીને ઘી છૂટું પાડી શકાય એવી રીતે પૂ. શ્રીએ રચેલા આ ગ્રંથમાં ઘી સમાન અધ્યાત્મ માર્ગની સમૃદ્ધિઓ કઈ છે તે સમજાવવા આ પ્રયાસ કર્યો છે. તેઓના પ્રવચનનો સારભાગ આ મુજબ છે.

'દળદાર આત્મકથા છે. અધ્યાત્મ જગતની પ્રાણવાન પરંપરાને વધારે પ્રકાશવંતી કરી છે. આત્મિક ઉન્નતિની કથા છે. વિકાસગાથાની રસપ્રદશૈલી છે. આ ગ્રંથમાં શારીરિક, માનસિક ને આધ્યાત્મિકક્ષેત્રની કેળવણી ભરપૂર છે. ગુરુદેવનું શરીર બાળપણમાં નબળું હતું. દયાનંદ સરસ્વતિ, તીલક મહારાજના ગ્રંથો વાચ્યા. દંડ, બેઠક, લેઝીમ, પીરામીડ, મલખમ જેવી કસરતો કરી. શરીર મજબૂત કર્યું. માથાનો કાયમી દુઃખાવો ગયો. વહેલા ઊઠવાની ટેવ પાડી નિયમપાલન, સ્વાશ્રયી જીવન, વાણી અને જીભ પરનો સમયમ, મૌનનો મહિમા જાણ્યો ને પચાવ્યો.'

'મનની કેળવણી માટે દયાનંદ, રામકૃષ્ણદેવ, વિવેકાનંદના ગ્રંથો વાચ્યા. અંગ્રેજી—સંસ્કૃતમાં ગીતાનું અધ્યયન કર્યું. ક્ષણભંગુર દુનિયાને પ્રીતિ કરવાને બદલે પરમને પ્રીત કરી. રોજનીશી લખતા, આત્મનિરીક્ષણની ટેવ પાડી. પોતાના દોષો જોવા લાગ્યા. મહાન થવાનું લક્ષ્ય નક્કી કર્યું. દીર્ઘકાળ સુધી તે લક્ષ્ય સેવવા પ્રાર્થના, ઉપવાસ, જપ કર્યા. સતત જાગૃતિ.

પ્રતિકૂળ પરિસ્થિતિમાં પ્રભુકૃપા જોવાની દૃષ્ટિ. બીજા પર દોષ-નો ટોપલો ક્યારેય નાખે નહીં. દેવકીબાઇની ધર્મશાળામાં લક્ષ્મીબાઇએ ગાળોનો વરસાવેલો વરસાદ ને તેને સહન કરવા-ની શક્તિ એટલે કોલેજ પૂર્ણ કર્યાનો અહેસાસ ને ઈશ્વરમય જીવનના ઉઘડતાં દ્વાર.'

'ઈશ્વરમય જીવન—આધ્યાત્મિકક્ષેત્રની કેળવણી માટે પૂ. શ્રીએ અથાક પરિશ્રમ કર્યો છે. 'તું ચિંતન કર એ ચિંતા કરશે.' સૂત્રમાં વિશ્વાસ, પોલિસ ઇન્સ્પેક્ટરને ટિહરીમાં દૃઢતાપૂર્વક આપેલ જવાબ, વાળમાંથી દૂધ કાઢનાર, દોરાના ટૂકડાને જોડી દેનાર, માતાજીનો આવેશ આપતી સ્ત્રીથી પ્રભાવિત થયા વિના સાચું આધ્યાત્મિક માર્ગદર્શન ધર્યું. માતાજીની બીમારી ને ભગવાન રામના આશીર્વાદ મળ્યા, માતાજી સાજાં થયાં, સાંઇ-બાબાના દર્શન ને પ્રથપ્રદર્શન, ૧૬ વખત જગદંબાના પ્રત્યક્ષ દર્શન ને સતત સંનિધિના દિવસો ખોટા પડ્યા છતાં ધ્યેયસુધી વળગી રહેવાની, ફના થવાની તૈયારી, બધી જ પરિસ્થિતિમાં ઈશ્વર પર જ આધાર રાખવો, યાત્રા, પ્રાર્થના, ઉપવાસ, લેખન ને સાધના જેવી જનહિતની પ્રવૃત્તિઓમાં ક્યારેય કોઇ ખલેલ કે પ્રમાદ નહીં. ૫૫ મિનિટના તેઓના વક્તવ્યમાં આખાય ગ્રંથ-માંથી શરીર, મન અને આત્માની કેળવણી માટે નવનીત કાઢીને સાધકોને ધર્યું હોય તેમ લાગ્યું.'

શ્રી વિજયભાઇ પંડિતજીએ 'પ્રકાશના પંથેની ઘટનાઓની જ્યોતિષની દૃષ્ટિએ સમીક્ષા' પર પ્રવચન આપ્યું. બપોરની બેઠક પૂર્ણ થાય છે. વક્તાઓને પૂ. મા મોમેન્ટો, ભેટનું કવર, પુસ્તકો અર્પણ કરે છે.

બપોરે ભોજન પછીના થોડા વિરામ પછી 'યોગેશ્વર લીલા-



મૃત'નું સામૂહિક સંકીર્તન થાય છે. શ્રી મીહિરભાઇ સરળતાથી સંસ્કૃત કેમ શીખાય તેનું દર્શન કરાવે છે. સૌને રમૂજ પડે છે. લાગે છે કે સંસ્કૃત શીખવું અઘરું નથી.

શ્રી જ્યોત્સનાબેન ત્રિવેદીએ—'યોગેશ્વરજીનો માતૃપ્રેમ' પર પ્રવચન આપ્યું. 'પૂ. શ્રીએ નાની ઉંમરમાં પિતાજીનું છત્ર ગુમાવ્યું. આવી સ્થિતિમાં માતાનો આધાર માત્ર બાળક હતો. પોતાના નાનકડા બાળકને પહેલા ઓરફનેજમાં અને તે પછી હિમાલયમાં સાધના માટે રજા આપવા માટે એ માતાનો જીવ કેમ ચાલ્યો હશે? છતાં હાર પહેરાવીને હિમાલય મોકલે છે. પૂ. શ્રી અનુકૂળતાએ પૂ. માતાજીને હિમાલયમાં સાથે રહેવા તેડાવે છે. માતાજી ૩૨ વર્ષ સાથે રહે છે. એ માતા કષ્ટો વેઠીને પુત્રમાં પ્રભુનાં દર્શન કરે છે. તો પૂ. શ્રી પોતાની માતાને ચારધામની યાત્રા કરાવે છે. માતાને બીમારી આવે છે. ત્યારે ભગવાન રામના દર્શન થાય છે. તે પછી માતાજી સાજા થાય છે. વિદેશયાત્રામાં પણ માતાજીને સાથે જ રાખે છે. માતા એ પ્રથમ અને પ્રત્યક્ષ દેવ છે. ને તે મંત્રને પૂ. શ્રી પોતાના જીવનમાં સાર્થક કરી બતાવે છે. માતાજીની પાછલી ઉંમરે આવેલી લકવાની બીમારીમાં પૂ. શ્રીએ અદ્‌ભુત સેવા કરી. છેલ્લે માતાજીનો અગ્નિસંસ્કાર કરીને આવ્યા પછી એ માતાને અંજલિ આપતા પૂ. શ્રીએ લખ્યું છે.

***'અમે તમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા.***
***અરે, અમે અમને વળાવીને સ્મશાનેથી ગૃહે આવ્યા.'***

આ પંક્તિઓ જ પૂ. શ્રીના માતૃપ્રેમની દ્યોતક છે.

પ્રવચનોની બેઠક પૂર્ણ થાય છે. સૌ સાંજનું ભોજન લે છે. રાત્રીની બેઠકમાં સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થાય છે.

શ્રી રવજીભાઈએ લોકસંગીત, હનીએ દીપનૃત્ય રજૂ કર્યું ને ગાર્ગી, સ્તુતિ, કૃપા, મુક્તિ ને હેમાલીએ (યુ.એસ.એ.) રાધા ને કૃષ્ણનો રાસ રજૂ કર્યો. પૂ. મા ખૂબ પ્રસન્ન થયાં ને સ્લેટમાં પ્રેરણાદાયક વાક્યો લખ્યાં. 'આ બેનોમાં એક (હેમાલી) પર-દેશના છે. પહેલીવાર ભારત ને સ્વર્ગારોહણ આવે છે. માને આ વરસે પહેલીવાર મળ્યા છતાં ભારત મળવા આવ્યાં. આજે તો સ્વર્ગારોહણના બનીને ભાગ લીધો. કોઈને ખબર ના પડી કે આ છેક નવી છે. માટે હેમાલીને વિશેષ અભિનંદન.'

રાત્રે પૂ. શ્રીની અમૃતવાણી ડી.વી.ડી. દ્વારા સંભળાયવાય છે. આખો દિવસ પરમની યાત્રામાં સપ્રેમે પૂર્ણ થયો. પૂ. માએ પણ બધા જ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી સતત સંનિધિ ધરી. પૂ. માનું ઉપવાસી શરીર છતાંય થાક, ઉંઘ, આરામની પરવા કર્યા વિના સાધકોને પ્રત્યક્ષ દર્શન, પ્રેરણા, માર્ગદર્શન, આશીર્વાદ, પ્રસાદ, પ્રસન્નતા, સુખ ને ઐશ્વર્ય ધરતાં રહ્યાં.

(ક્રમશઃ)

### મિત્રતાને યોગ્ય કોણ છે?

(૧) કુલીન (૨) નિર્દોષ વાણીયુક્ત (૩) શાસ્ત્રજ્ઞાન અને અનુભવ જ્ઞાનવાળો (૪) રૂપ અને ગુણવાળો (૫) લોભરહિત (૬) પરિશ્રમી (૭) પ્રત્યુપકારની ઈચ્છા રાખ્યા વિના ઉપકાર કરનાર કૃતજ્ઞ (૮) જીતેન્દ્રિય (૯) કુળનો ટેક રાખનાર (૧૦) કુળની મર્યાદા પ્રમાણે ચાલનાર (૧૧) દોષરહિત (૧૨) ધનરહિત હોવા છતાં ગુણવાન, એવી પાત્રતાવાળાની મિત્રતા કરવી હિતાવહ છે.



# સમંદરને પેલે પાર

મા સર્વેશ્વરી

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા—**
**ક્વીન્સ ટાઉનથી મીલફોર્ડથી પુનઃ ક્વીન્સ ટાઉન**
**ઋણમુક્તિનું પર્વ દિવસ—૪, તા. ૧૧—૫—૦૫**

માનું પ્રભાત પ્રગટે છે, ૬ વાગ્યે. કારણ માની રાત્રિ ૨—૩૦ વાગે પ્રારંભ પામી છે. નોંધ પણ જરૂરી છે. શ્રી હરિ જો કલમ ચલાવે છે તો શા માટે ના પકડવી?

આજે જાગતાં જ 'મત કર મોહ તું, હરિ ભજન કો માન રે'—પંક્તિ મનમાં ચાલતી હતી. દરરોજ જ કોઈક ભજનની પંક્તિ શ્રી હરિ અંદર ફરતા ફરતા ગાઈ રહ્યા લાગે છે. હા તેઓશ્રી માના મનને સાધન બનાવીને ગાઈ રહ્યા છે.

આજે સ્નાન બાદ શીર્ષાસન પણ થયું છે. ૧૧ પ્રણામ જ કરવાના હોય છે, કારણ આ વિદેશયાત્રાના ૨૦ દિવસના ૨૭૦ દરરોજના પ્રણામ પ્રમાણે ૫૪૦૦ પ્રણામ અગાઉથી માએ કરી લીધા છે. એટલે અહીં પરિશ્રમનો વધારો નથી થતો. આ માના દેહને પૂરતો વિશ્રામ મળી રહે છે.

એટલે બધા જ પ્રણામ થઈ ગયા છે. છતાં ૧૧ પ્રણામ કર્યા વિના મા રહી શકતાં નથી. ગઈ કાલે પ્રણામ વખતે ૧ દિશા-એથી પ્રણામ, ૨ દિશાએથી પ્રણામ એ રીતે ૧૧ થયા. આજે ૧ કરોડ જન્મના પ્રણામ, ૨ કરોડ જન્મના પ્રણામ એ રીતે ૧૧ થયા. દરરોજ વિવિધ રીતે પ્રણામ થયા કરે છે.

યાત્રા આજે ૭—૫૦ વાગે પ્રારંભ પામી છે. નિત્ય પ્રભાત-

ની પ્રાર્થના, માળા, આરતી, શ્લોકોથી શ્રી હરિની સ્તુતિ કરી લે છે. શ્રી શારદાબેનનો સાન્ટાફેનો સ્પેશીયલ પ્રસાદ મા સૌને આપે છે.

માર્ગમાં ફરીથી પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન પ્રારંભ પામે છે. પર્વતના શિખરો ઉપર સૂર્યનારાયણ પોતાની સુવર્ણ—સોનેરી પગલી પાડીને તે શિખરને જાણે ગૌરવ ધરે છે. ધન્ય કરે છે. એના ઉપર સૂર્યનારાયણ જાણે સોનાનો મુકુટ પહેરાવે છે.

શું આ ધરતીની ગિરિમાળાએ કંક સત્કર્મો કર્યા લાગે છે. તો જ સૂર્યનારાયણ સૌ પ્રથમ ત્યાં પગલાં પાડે છે. હે સૂર્ય-નારાયણ આપના આ તેજસ્વી સ્વરૂપને પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો. આપ આખી પૃથ્વીને પ્રકાશિત કરો છો. આપનું એ કર્મયોગીનું સ્વરૂપ સૌને સતત પ્રેરણા ધરતું રહે છે. આપ સૌનું સર્વ પ્રકારે મંગલ કરો, કલ્યાણ કરો. સુખી કરો, શાંતિ આપો. દર્શન દઈને સમાવી લો.

આસપાસ માર્ગમાં ખેતરોમાં ઘેટાઓ, હરણાઓ, ઘોડાઓ ચારો ચરી રહ્યા છે. પ્રભાતે ચરે છે, બપોરે ચરે છે, સાંજે ચરે છે, સતત ચરે છે. ચરવાનું ને સૂવાનું બે જ કામ જાણે જીવન-ભર ચાલ્યા કરે છે. ના સ્નાન, ના સત્સંગ, ના સ્વતંત્રતા, ના જપ, તપ, વ્રત કે પ્રાર્થના. ના વાણી, ના માંગણી, ના પસંદગી, ના ફરિયાદ.

કેવી યોનિ છે! આપણે પણ આવી અનેક યોનિયોમાં ફર્યા છીએ. આપણે પણ ત્યારે એક પણ પ્રણામ નથી કર્યા. નથી સ્નાન કર્યું, નથી સત્સંગ કર્યો. નથી દેવદર્શન કે તીર્થયાત્રા કરી. કેવું જીવન છે?

પ્રભુ, સતત જાગતા રાખો. સતત સ્મરણ આપો.



હવે, આ દેશમાં ૧૫ દિવસમાં પાનખર પોતાનું સામ્રાજ્ય સ્થાપશે. સાધક જેમ સત્સંગે ખીલે ને જરાક વેગળો થતાં પાછો પાનખર જેવો. ઋતુઓ એવી છે.

આજે ભારે વરસાદની આગાહી હતી, પણ ૭૫ ટકા સૂર્ય-નારાયણ સતત જાણે પડખે રહ્યા. ઝરમર ઝરમર વરસાદમાં બપોર પછી યાત્રા પ્રારંભ પામી.

આ દેશમાં પક્ષીઓની સરસ માવજત થાય છે. જંગલમાં ખાસ વિસ્તારમાં માનવો માટે જવાની મનાઈ છે. ત્યાં પક્ષીઓ ઈંડા મૂકીને ઉડી જાય ત્યારે પક્ષીના અવાજની ટેપથી બચ્ચા-ઓનો ઉછેર થાય. કેટલાંક પક્ષીઓને પાછાં ખાસ બીજા વિસ્તારમાં લઈને વસાવે. જેથી તે પક્ષીઓનો નાશ ના થાય. રોગથી રક્ષા થાય ને પક્ષીઓ જીવતાં રહે.

રાષ્ટ્રીય પક્ષીઓની એ રીતે માવજત થાય છે.

બસના ચાલક સતત માઈક ઉપરથી દરેક સ્થળ, ગામ, જંગલ, પ્રજા, પક્ષી, મકાન સૌની રસપ્રદ માહિતી આપતા હતા. દરેક વિષયનો ઈતિહાસ. તે ગામ ક્યારે સ્થપાયું. કોણે સ્થાપ્યું ને કોણે શોધ કરી વગેરે અનેક વાતો સતત અંગ્રેજી ને પછી ગુજરાતીમાં (શ્રી હિમાંશુભાઈ) જાહેર કરી રહ્યા હતા.

એ બધા ઈતિહાસની વાતો સાંભળવાનો કોઈ અર્થ ખાસ ન હતો. એ માત્ર માહિતી હતી. માહિતી મગજમાં અનેક જન્મોથી ઉભરાયા કરે છે.

પણ એવો ઈતિહાસ દરેક માનવનો પોતાના અંગત જીવન-નો છે. તે તો તે વ્યક્તિ પોતે જ જાણે. કેટલાક તે જીવનની વાતો કરે, લખે. પણ પૂરો ઈતિહાસ ક્યાં લખે છે! પોતે જ પોતાનો ઈતિહાસ રચે, સર્જે, વાળે, ઢાંકે, મરડે. પણ શ્રી હરિ

તો સૌના ઈતિહાસ જાણે છે. તે જો જાહેરમાં સૌના ઈતિહાસ કહેવા માંડે તો તો જીવન જ સૌના ખોરાવાઈ જાય. સૌ રાગદ્વેષથી ઉભરાવા માંડે ને અશાંતિ સૌને ઘેરી વળે.

શ્રી હરિ એટલે જ કૃપા કરી આ રીતે માઈક ઉપરથી કોઈના જ ગુણદોષનું કીર્તન કરતા નથી. પ્રભુ, આભાર. આપે જ્યાં જ્યાં માનવજાતથી પડદો રાખ્યો છે તે તે સર્વ માનવના કલ્યાણ માટે જ છે.

હે હરિ, આપ જો દોષ જાહેરમાં બતાવો તો સાંભળનારાને ટીકા કરવાનો, દોષોને જાહેર કરવાનો પરવાનો મળી જાય. પરિણામે જેના દોષ છે તેને જીવવું અકારું લાગે.

અને જો હે હરિ, આપ સતત પ્રશંસા જ જાહેરમાં કરવા માંડો તો જેની પ્રશંસા કરો તે અહંકારથી ઉન્મત્ત બનીને ન કરવાનાં કામ કરવા માંડે.

એટલે હે હરિ, આપ પ્રશંસા આ રીતે માઈક ઉપરથી નથી કરતા તે સારું છે. ને ટીકા નથી કરતા તે તો તેનાથી પણ સારું છે. એટલે કે હે હરિ, આપની સર્વ યોજના સમજપૂર્વકની ને સર્વોત્તમ જ હોય છે. પ્રણામ, પ્રણામ, પ્રણામ. પ્રભુ લક્ષકોટિ પ્રણામ, ક્ષણે ક્ષણે પ્રણામ, શ્વાસોશ્વાસે પ્રણામ. આ જન્મના પ્રણામ, ગત જન્મના પ્રણામ. પ્રભુ, આભાર સાથે પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આજે ૩૦૦ કિ. મી.ની યાત્રા હતી. આજનું લક્ષ્ય મીલ-ફોર્ડ હતું. જ્યાંથી ૧॥ કલાકની ક્રુઝયાત્રા હતી.

આખાયે માર્ગને પ્રકૃતિએ પોતાના અધિપત્યમાં રાખી સંપૂર્ણ શાસન જાહેર કર્યું હતું. જાણે અહીં પ્રકૃતિ સોળે શણગાર સજી શ્રી હરિને વરવા નીસરી હતી.



અદ્‌ભુત, અલૌકિક, અકલ્પનીય સૌંદર્ય માત્ર મૌન રહીને માણો. કેમેરામાં કંડારાય તો કંડારો મન અંતરમાં. એ પ્રકૃતિની પ્રતિષ્ઠા થાય તેટલી કરી લો.

અણુએ અણુમાં સૌંદર્યનું રસપાન. અરે, વૃક્ષો ઉપર પીળા, લાલ, કેસરી, લીલા પાંદડાં. તો જ્યાં ને ત્યાં વિશાળ જળરાશિ. ક્યાંક શ્યામવર્ણ, ક્યાંક નીલવર્ણ, ક્યાંક શ્વેતવર્ણનો જળ-પ્રવાહ તો ક્યાંયેક પીળા રંગની ઘાસની જાણે ચાદરો બિછાવેલી જોવા મળે. ઊંચી ઊંચી ગિરિમાળા ને તેના ઉપરથી પ્રવાહી નાના, મોટા અસંખ્ય ધોધ.

અરે, એક સ્થાન તો આપણી ચારે બાજુ હજારો ઊંચા ઊંચા ધોધ—આકાશને અડતા હોય તેવા.

પર્વતની ઊંચાઈ ૫૦ માળની હશે. સીધા ચઢાણવાળા પર્વતને જોતાં ડોક દુઃખી જાય.

કહે છે હજી સુધી એ પર્વત ઉપર કોઈથી જઈ શકાયું નથી. પર્વતો બધા જ હિમાચ્છાદિત.

વર્ણન કરતાં શોભા તારી,
થાક્યા કવિગણ સારા રે.

સાચે જ આજનું સૌંદર્ય શ્રી હરિને સ્મરવાનું, શ્રી હરિના સર્જનને જોતા શ્રીહરિને નમવાનું અરે, શ્રી હરિને વરવાનું જાણે મંગલ પર્વ હતું.

માનવો ૩, ૪ માળ કે ૫૦ કે ૧૦૦ માળનું મકાન ચણીને તકતી મૂકે. કોણે બનાવ્યું, ક્યારે બનાવ્યું, કેટલી કિંમતનું થયું. તેને સૌ જોવા જાય. સ્મારક તરીકે જાહેર થાય.

અને અહીં સર્વત્ર શ્રી હરિએ અલૌકિક ગિરિમાળા સર્જી છે. ક્યાંયે શ્રી હરિએ પોતાનું નામ નથી લખ્યું.

માનવો અનુમાન કરીને કહે છે કે શ્રી હરિએ જ બનાવ્યું લાગે છે. આ સર્જન માનવનું નથી એટલું તો કબૂલ કરે જ છે.

ક્રૂઝમાં પણ એ જ સૌંદર્ય માણ્યું. નદી અને દરિયાની સપાટી જ્યાં મળે છે તેવા જળપ્રવાહમાં એ યાત્રા માણી. અહીં વરસાદ જાતે જ સમજીને સૌ યાત્રીઓની સેવા માટે મૌન બની ગયો. કદાચ વરૂણ દેવતાની જ એ કૃપા હતી.

તેથી જ ક્રૂઝની ઉપરની ખુલ્લી લોબીમાં પણ મા સહિત સૌ યાત્રીઓ ઊભા રહી શક્યા.

ક્રૂઝમાં વિવિધ રંગી, વિવિધ ભાષી યાત્રીઓનો એ મંગલ મેળો હતો છતાં નહીંવત્ ઘોંઘાટ. સહજ શિસ્ત હતી.

હજારો એકરોની જમીન ને હજારો સરોવરો તો વળી જંગલોનો પણ ક્યાં પાર હતો?

શાસનકર્તાઓની અહીં પ્રકૃતિપૂજા વંદનીય હતી. પ્રકૃતિની સંભાળ, માવજત સર્વોત્તમ હતી.

તેથી જ સ્પેશિયલ બસો વારંવાર માર્ગમાં મળતી હતી. પ્રકૃતિના રસિકો અહીં યાત્રા માટે જાપાન, ભારત, ઈંગ્લેન્ડથી આવતા રહે છે. જાણે ન્યુઝીલેન્ડની આ ધરતી સૌને પ્રાકૃતિક સૌંદર્ય માણવા સતત આમંત્રણ પત્રિકા લખી રહી છે. આવો, માણો, શાંતિ પામો, હાશ લેતા જાવ ને હાશ મૂકતા જાવ.

ન્યુઝીલેન્ડનો અર્થ છે ન્યુ સી લેન્ડ. નવી ધરતીનું દર્શન.

સાચે જ પ્રકૃતિનું આ વિશેષ વરદાન પામેલી નવી જ ધરતી છે. તેના દર્શન માટે પ્રકૃતિ પ્રેમીએ ખાસ યોજના બનાવવી જોઈએ.

હજારો ધોધનું દશ્ય માણતાં થયું કે અરે! આ તો શ્રી હરિ



દૂર દૂર ઊંચે ઊંચે અદશ્ય રહીને કેવી કૃપાવર્ષા કરે છે તેનું આ પ્રતીક છે. જાણે એ શ્રી હરિની કૃપાની સાચી પહેંચાન છે, ઓળખ છે.

અને ૩–૪ પંક્તિઓ પ્રભુએ લખાવી.

(રાગ : સર્વેશ્વરી વંદુ પુનિત પ્રભાતે)

હજારરૂપે વરસતો ને જીવને ઝબોળતો,
મેલ સર્વ ઉખેડતો ને નિજ સ્વરૂપે નમાવતો.
સર્વેશ્વરીનો એ સખા સજાવીને સ્વીકારતો,
પટાવતો, પલાળતો ને પાર એ ઉતારતો.
વિહરતો, વિલોકતો વ્હાલથી વધાવતો,
મલકતો ને મહાલતો ને મા મહીં એ મહેંકતો.

આજકાલ શ્રી હરિ જાણે કલમ ઉપર પોતાનું પ્રભુત્વ પ્રસ્થાપિત કરી રહ્યા છે. માએ માત્ર પેન જ પકડવાની છે. શ્રી હરિને આજકાલ માની કલમ પર વિચરણ કરવાનું પ્રિય લાગે છે. કલમયાત્રા, અક્ષરયાત્રા, કૃપાયાત્રા, પ્રણામયાત્રા, ઋણ મુક્તિની યાત્રા, પ્રાકૃતિક યાત્રા કે પ્રકૃતિ ગોદયાત્રા, હરિ સ્મરણયાત્રા કે હરિસર્જન દર્શન યાત્રા.

આ સર્વ યાત્રાનો આ યાત્રામાં સમન્વય થયો છે.

હે હરિ! આપનાં અનેક રંગી રૂપોને અમારા સૌના પ્રણામ. સુરક્ષિત યાત્રાના પ્રણામ. આપના સહસ્ર ચરણકમળમાં સૌ યાત્રીઓના પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(ક્રમશઃ)

# 'પ્રકાશના પંથે'—સ્વરૂપ અને સિદ્ધિ—(૨)

(જુલાઈ—૦૬નું અનુસંધાન) પ્રો. મનોજ દરૂ

આમુખમાં સ્વામી બ્રહ્મરૂપાનંદજીએ કહ્યું છે તેમ, 'આ પ્રકારની આધ્યાત્મિક અનુભવોથી ભરેલી જીવનવિકાસની સાંગોપાંગ સમજ પૂરી પાડતી, આત્મકથા આ પહેલી છે, એવું કહેવામાં કશી અતિશયોક્તિ નથી.' [આટલા બહદ્ પરિમાણ પર પોતાના જીવનક્રમનું આલેખન કરનાર પૂ. યોગેશ્વરજીએ પોતે જે સ્વરૂપ અપનાવ્યું છે તેના સુદૃઢ આકાર અને વક્તવ્ય વિશે, આકૃતિ અને અંત વિશે, પૂરા સભાન છે અને બંને વચ્ચેની સમતુલા એ આ આત્મકથાની મોટી સિદ્ધિ છે. જન્મ અને ઘડતરની વિગતો આપતાં ધીરે ધીરે જે ચણતર કર્યું છે તેનું આલેખન રસપ્રદ થઈ પડે એવું છે.] ઈશ્વરદર્શનની જાગેલી ખેવનાને કારણે સતત હિમાલયના આકર્ષણ પર ઠરેલું મન અનેક અનુભવોમાંથી પસાર થાય છે અને દેવકીબાઈની ધર્મ-શાળા છોડી આધ્યાત્મિક યાત્રાના એક પછી એક ઉન્નત શિખરો સર કરતાં જાય છે અને છેવટે અનેક કષ્ટો વેઠી મા સ્વરૂપે થતાં પ્રભુનાં દર્શનમાં એમની સિદ્ધિની ચરમસીમા આવી રહે છે. આત્મકથાની આવશ્યકતાને સુસંગત એનું નિરૂપણ થયું છે, આવકારમાં શ્રી શાન્તિલાલ ઠાકરે કહ્યું છે તેમ 'એમાં કોઈ કપોળ—કલ્પના નથી, અતિશયોક્તિ નથી, પણ એક નક્કર આધ્યાત્મિક આત્મઈતિહાસ છે.' [સેઈન્ટ ઓગસ્ટાઈનની Confession આત્મકથાની જેમ પ્રભુજીનું an intensely personal account of spiritual experiences and an extraordinary instance of deep psychological analysis આમાં મળી આવે છે. જો કે તે સાથે સાથે તેઓ જે જમાનામાં જીવી ગયા છે તેને પોતાની અભિવ્યક્તિમાં તાદૃશ કર્યો છે.] અનાથાશ્રમની ત્રૂટિઓ, રીતરિવાજ, અંધ-શ્રદ્ધા, ઠગવિદ્યાનો ફેલાવો વગેરે અનિષ્ટો એમ સામાજિક આર્થિક, શૈક્ષણિક, ધાર્મિક દૂષણો તેઓ સદૃષ્ટાંત બતાવતા ગયા છે. ખોટા ચમત્કારોના, વાળમાંથી દૂધ કાઢવાના કે દોરાના ટુકડાને સળંગ કરવાના દાખલા પણ આપ્યા છે. મંદિરોની ગંદકી, યાત્રામાં પડતી મુશ્કેલીઓ, દર્શનમાં પણ લાંચરુશ્વત, રાજકીય પરિવેશ નિર્દેશતા ગયા છે, જેનું આત્મકથાના સ્વરૂપમાં મહત્ત્વનું સ્થાન છે.



[ગુજરાતી સાહિત્યના પ્રખર વિવેચક અને સાહિત્યિક પત્ર-કાર શ્રી વિજયરાય વૈદ્યે 'વિનાયકની આત્મકથા'નામે પોતાની આત્મકથા લખી છે. તેની પ્રસ્તાવના પૂ. યોગેશ્વરજી લખે એવો અત્યંત આગ્રહ વિજયરાયે સેવ્યો હતો. અને પ્રભુજીએ એ આગ્રહને વશ થઈ વિજયરાયની મનોકામના સંતોષી હતી. એ દર્શાવે છે કે આવા મહાન સાક્ષર માને છે કે 'આત્મકથા' જેવા સ્વરૂપને મૂલવવામાં પ્રભુજી સક્ષમ છે. તો પછી તેવી વ્યક્તિની આત્મકથા કેટલી સભાનતાપૂર્વક લખાયેલી હોય તે સમજી શકાય છે.]

આત્મકથા—લેખન હેતુપ્રધાન હોય છે. પ્રભુજીએ ભૂતકાળ-ની વાતો ઉપકારક થઈ પડે અને એમાંથી સહાયતા, પ્રેરણા-શક્તિ અને સંજીવની પ્રાપ્ત થાય છે એ મોટો લાભ છે એમ ગણાવ્યું છે. પણ યોગેશ્વરજીનું સમસ્ત જીવન પ્રભુપ્રેરિત અને પ્રભુઈચ્છિત છે તેમ એમનું આત્મકથાલેખન પણ મુખ્યત્વે પ્રભુ-ઈચ્છા અન્વયે થયું છે. ઈશ્વરની પવિત્ર પ્રેરણાની ઊર્જા એવી

હોય છે કે એનો સ્ફોટ થયા વગર રહી શકતો નથી. મતલબ કે એને વ્યક્ત કર્યા વગર રહી શકાતું નથી. પૂ. યોગેશ્વરજીએ આત્મકથાલેખનના સંદર્ભમાં કહ્યું છે કે, "મારા સંબંધમાં હું એટલું જ કહી શકું કે આ કામ ઈશ્વરની ઇચ્છાથી થઇ રહ્યું છે. ભૂતકાળને યાદ કર્યા વિના હું સારી પેઠે આગળ વધી શકું તેમ છું : છતાં ઈશ્વરી પ્રેરણા પ્રમાણે મારે તેની યાદ કરવી પડે છે, સ્મૃતિપટ પર તાજા થયેલા ભૂતકાળને શબ્દોમાં સાકાર કરવાનું કામ પણ તેથી જ થઇ રહ્યું છે. એને અક્ષરમાં આલેખ્યા વિના ચાલી શકે તેમ છે. છતાં ઈશ્વરની ઇચ્છા જુદી છે ને મારે તે પ્રમાણે ચાલ્યા વિના છૂટકો નથી." ...."મારે પોતાને માટે તો આત્મકથાનો અક્ષરદેહ આલેખાયેલો ક્રમ જુદાં જુદાં તીર્થોની એક સળંગ, વિરાટ, મહામૂલ્યવાન યાત્રા જેવો છે." એમ હેતુ દર્શાવી કે પ્રયોજન રાખી 'પ્રકાશના પંથે' વિચર્યા છે. પ્રભુજીએ પોતાની આત્મકથાને શીર્ષક આપ્યું છે. 'પ્રકાશને પંથે' પછી ઘણાએ એ શીર્ષકને 'પ્રકાશને પંથે' નામે ઓળખાવ્યું છે, એમની પ્રસ્તાવનાઓમાં પણ ખરેખર તો લેખકે યોજેલા શબ્દો-માં ફેરફાર કરવો ઉચિત નથી, કારણ કે એ સહેતુક પણ હોઇ શકે.

[મારા વિનમ્ર મત પ્રમાણે પ્રભુજીએ શીર્ષકમાં છઠ્ઠી વિભક્તિનો જ નિર્દેશ કરવો છે જેમાં એક સંબંધક ભાવ વિશેષ સ્પષ્ટ થાય છે. છઠ્ઠી વિભક્તિના નો—ની—નું—ના પ્રત્યય ગણાવેલા છે. ચોથી વિભક્તિનો પ્રત્યય એ જ અર્થ દર્શાવતો હોવા છતાં એમને આ સ્થાને ઉદ્દિષ્ટ નથી.] છતાં જ્યાં આવશ્યક હોય ત્યાં એમણે 'ને' પ્રત્યય યોજ્યો છે. પુસ્તકના આવકારમાં શ્રી શાન્તિલાલ ઠાકરે કહ્યું છે તેમ—'પ્રકાશને પંથે' એ ગ્રંથની દેણ અનેક ક્ષેત્રોમાં અનેકવિધ છે. સાધકો માટે તે



સાધનામાં સહાયક, અમૂલ્ય પથદર્શિકા છે. સાહિત્યના ક્ષેત્રે એ એક ઉત્તમ આત્મકથાગ્રંથ છે. દેશના હિતચિંતકો માટે તે અમૂલ્ય સામગ્રીથી ભરપૂર, કાર્યદિશાઓ બતાવનાર, નિર્દેશ—ગ્રંથ છે. તેમના પ્રશંસકો અને પ્રેમીઓ માટે તે તેમના આંતર-જીવનમાં ડોકિયું કરાવનાર રહસ્યબારી છે.—[શિપ્લેએ ડિક્સનરી ઓફ વર્લ્ડ લિટરેચરમાં પણ કહ્યું છે, The Autobiography proper is a connected narrative of the author's life, with stress laid on introspection, and on significance of his life against a wider back-ground. એ ન્યાયે આ આત્મકથામાં સ્વજીવન, આત્મનિરીક્ષણ અને જીવનલીલાની પાર્શ્વભૂમિનું સુભગ દર્શન થાય છે.]

આત્મકથા પહેલા પુરુષ એક વચનમાં લખાયેલી હોય છે. એનો કોઇ અપવાદ મળે ખરો. આમ 'હું'થી આત્મકથા કહે-વાતી હોવાથી એના સ્વરૂપમાં 'હું' મોટું ભયસ્થાન રહેલું હોય છે. એમાં અહંતા કે આપવડાઇ જેવા નિર્બળ અંશો પ્રવેશવાનો સંભવ રહે છે. પ્રભુ! આ બાબતમાં પૂરા જાગ્રત અને સભાન છે. એમણે તો વિનમ્ર અને નિરાડંબરી ભાષામાં આરંભથી જ કહ્યું છે કે મારા જનમ વખતે કોઇ ચમત્કાર સર્જાયો ન હતો. તે વળી માને પૂછીને ખાતરી પણ દર્શાવી દીધી. કોઇ પણ મહાન વ્યક્તિ માટે આ વાત રજૂ કરતાં સ્ખલનનો મોકો રહે છે. એમણે તો એમ પણ કહ્યું કે, 'હું પણ એક સર્વસાધારણ માણસ છું. ગીતામાં કહ્યા પ્રમાણે હું કોઇ યોગથી ભ્રષ્ટ થયેલો કે અધૂરા રહેલા યોગવાળો પુરુષ નથી. એ બધાં નામે પ્રસિદ્ધ થવાનું મને પસંદ નથી કેમ કે મારા અનુભવ પ્રમાણે તે સત્ય હકીકતથી વેગળા છે. એટલે ભવિષ્યમાં પણ કોઇ મને તે નામની સાથે સાંકળવાનો પ્રયાસ ના કરે એમ ઇચ્છું છું. તેવો પ્રયાસ કદાપિ

થાય તો મિથ્યા માનવામાં આવે એટલું માગી લઉં છું. હું તો ઈશ્વરનો એક સાધારણ બાળક છું અને એ રીતે જ રહેવાનું ને પ્રસિદ્ધ થવાનું પસંદ કરું છું.'

આમ અહમ્‌ને નિર્મૂળ કર્યો હોય તેવા ઈશ્વરી અંશ ધરાવતા મહાન સંત જ આટલા અભિનિવેશથી ઉચ્ચારી શકે. તેઓ કોઈ પણ પ્રકારની લાલસાથી પર છે. આત્મકથા લખવા પાછળ પણ કોઈ પ્રકારની લાલસા નથી. કીર્તિ, લક્ષ્મી અહંતા મનોરંજન એમને મન ક્ષુદ્ર બાબત છે. પણ ભૂતકાળની સ્મૃતિ પોતાને તેમ જ બીજાને ઉપકારક થતી હોય તો એ સારા આચારનો માર્ગ છે. એમણે કહ્યું છે કે 'ખવાઈ ગયેલા પશુના ખોરાકની જેમ જીવાઈ ગયેલી એ પળોને વાગોળવાનું ને તેમાંથી સંજીવની મેળવવાનું કામ માણસના જીવનમાં ચાલ્યા જ કરે છે. તેના પરિણામરૂપે બીજાને કોઈ લાભ લાગતો હોય કે ન લાગતો હોય, માણસને પોતાને તો લાભ થાય જ છે' અને લોકકલ્યાણ અર્થે અન્યને લાભ આપવાની ઈશ્વરપ્રેરિત અભિલાષા એમણે સેવી છે. એમની આત્મકથા લોકકલ્યાણ અર્થે ઈશ્વરની ઇચ્છા-નો અનુવાદ છે.

આત્મકથાના આદર્શ અને સ્વરૂપ વિશે પણ પૂ. યોગે-શ્વરજીનું દૃષ્ટિબિન્દુ કેટલું ઉચ્ચ અને યથાર્થ છે તેનો ખ્યાલ એમના નિરૂપણથી અવશ્ય આવે. દરેક આત્મચરિત્રકારે એમણે રજૂ કરેલા આદર્શને લક્ષમાં રાખવો જોઈએ. પૂ. યોગેશ્વરજીએ આ આદર્શ સેવ્યો છે અને આત્મસાત્ કર્યો છે. ''જીવનકથા કે આત્મકથાનું આલેખન કોઈ દિલ બહેલાવ કે રમત નથી. કોઈ લૌકિક લાલસા કે મહત્ત્વાકાંક્ષાના પોષણનું તેમ જ આત્મવિજ્ઞા-પનનું અસરકારક સાધન પણ નથી, તે તો એક કષ્ટ કે સાધના છે. જીવનની શુદ્ધિ ને જીવનના વિકાસનું એક મોટું મદદગાર પીઠબળ છે. જીવનને ઉજ્જ્વળ કરવામાં મોટો ભાગ ભજવનારી વિદ્યા છે. જીવનને શુદ્ધ ને ઉચ્ચ બનાવવા માટે એનો આધાર લેવો આવશ્યક છે. જે માણસને જીવનનો વિચાર કરવાની ટેવ નથી તે પોતાની જાતને ભાગ્યે જ મહાન બનાવી શકશે. પોતાની જાતને ઉન્નત પણ ભાગ્યે જ કરી શકશે.



.....આત્મકથાનું આલેખન એક કળા છે એ વાતનો ખ્યાલ રાખીને એનો આશ્રય લેનારે ખૂબ ખૂબ સાવધ ને જાગ્રત રહેવાની જરૂર છે. સત્યને વફાદાર રહીને તેણે પોતાની જાતને જેવી હોય તેવી જ ચીતરી બતાવવાની છે. હૃદયમાં એક ને વાણીમાં બીજી એવી બે વાતોના પૂજારી તેણે થવાનું નથી. અતિશયોક્તિના ઉન્માદમાંથી બચવાનું છે. તેની સાથે સાથે પોતાની જાતને વધારે પડતી કંગાળ ને હોય તેથી પણ વધારે દીન બતાવવાની ઘેલછામાં પણ નથી પડવાનું, આત્મ–પ્રશસ્તિ અને આત્મનિંદા બંનેના કેફથી સાવધ રહેવાનું છે. સત્ય ને વાસ્તવિકતાને વફાદાર રહીને, તટસ્થતાને વળગી રહીને, પોતાની કથાને કહેવાની કળા તે સાધી લે તે જરૂરી છે. ઉપરાંત, તેણે પોતાની જાતના વિવેચક થવાની પણ આવ-શ્યકતા છે. તો જ એ જીવનના સારભાગને રજૂ કરીને પોતાની ને બીજાની સેવા કરી શકશે ને પોતાના જીવનનું આલેખન કરીને બેસી રહેવાને બદલે જીવનના વિકાસમાં રસ લઈને તે વિકાસને પરિપૂર્ણ કરવાની કોશિશ કરશે. એ દૃષ્ટિનો સ્વીકાર કરીને આત્મકથાના આ આલેખનમાં હું ઉત્તરોત્તર આગળ વધી રહ્યો છું.'' આમ એમના આલેખનમાં સત્ય અને વફાદારીનો આગ્રહ છે જે આત્મકથાની પ્રધાન લાક્ષણિકતા છે. કિન્તુ

વિશેષમાં સત્યનિષ્ઠાને એમણે નિરૂપણ શૈલીના સ્વાભાવિક પ્રવાહના સૌંદર્યથી મઢી છે, એથી સર્જનાત્મક કૃતિનો આનંદ પણ એમાંથી પ્રાપ્ત થાય છે. શ્રી ઈન્દ્રવદન દવેએ કહ્યું છે, 'આત્મ-કથા આમ તો સત્યગ્રહણ, સત્યનિરૂપણ અને સત્ય-સંવેદનનું પૂર્ણ પ્રતિબિંબ છે પણ સર્જનાત્મક આનંદેય એનું એક પરિમાણ છે.' એથી ડો. રમેશ શુક્લએ નિર્દેશ્યું છે તેમ 'ઘટનાઓ કલ્પના-શીલતા imaginativenessથી નિરૂપાયેલી હોય જેથી વાચકને તે લેખકવ્યક્તિમાં રસ ન હોય તો ય કૃતિમાં તો રસ પડે જ એ 'પ્રકાશના પંથે'ના સંદર્ભમાં સાચું છે.' (ક્રમશઃ)

ચિત્તની સ્થિરતા કે શાન્તિ કાંઈ એકાદ બે દિવસ, મહિના કે વરસનો ખેલ છે એવું ના સમજતા. તે પ્રયત્ન સાધ્ય તો છે, કિન્તુ ખૂબ લાંબા વખતના પ્રયત્નના પરિણામે પ્રાપ્ત થાય છે. એથી એની ઈચ્છા રાખનારે આજથી જ, અરે આ ઘડીથી જ સમજપૂર્વક એ માટે લાગી જવું જોઈએ. —યોગેશ્વરજી

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**

**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨



## આધ્યાત્મિકતામાં
# પ્રગતિ અને પૂર્ણતા ક્યારે થાય?

**ઉન્મેશ મહેતા**

જેમ ખેડવા માટે તૈયાર થયેલા ખેતરપર વરસાદના ઝાપટા પડતાં જ ખેતર પાકથી હર્યુંભર્યું અને હરિયાળું થાય છે પરંતુ તે જ વરસાદના ઝાપટા ઉજ્જડ જમીન પર પડતા બાવળ અને નકામા વાંસ સિવાય કાંઈ ઊગતું નથી તેમ જ જેના અંતઃકરણનું નીંદામણ થઈને તેમાં પ્રભુપ્રેમના બીજ વવાઈ તે તે ખેડવા માટે તૈયાર હોય તેમાં પ્રભુકૃપાની અમૃતવર્ષા થતાં જ ભક્તિ, જ્ઞાન, પ્રેમ અને આનંદના પાકથી સાધક છલકાઈ ઊઠે છે. જ્યારે આજ વર્ષા બધે થતી હોવા છતાં જે તૈયાર નથી તેને ખાસ ફાયદો થતો નથી.

જેમ વર્ગના બધા જ વિદ્યાર્થીઓ શિક્ષક માટે સરખાં હોવા છતાં જે વિદ્યાર્થી મહેનતુ, ડાહ્યો અને જિજ્ઞાસુ છે અને વિનમ્ર-ભાવે વધુ જાણવા અને સમજવા માગે છે તે શિક્ષકને વધુ પ્રિય લાગે છે અને એને તે ખાસ અલગ રીતે વધુ જ્ઞાન આપે છે. તે જ રીતે જે સાધક કહ્યાગરો, ખંતીલો છે અને વધુ જ્ઞાન મેળ-વવાની ઝંખના રાખે છે, તે મહાત્માઓનો પ્રીતિપાત્ર બની વિશેષ જ્ઞાન મેળવે છે.

જેમ બાપ માટે બધાં જ બાળકો સરખાં હોવા છતાં જે બાળક તેની કોટે વળગીને તેને પ્રેમ કરે છે તે બાળકને બાપનો પ્રેમ પણ વધુ મળે છે તે જ રીતે ભગવાન માટે બધાં જ સરખા હોવા છતાં જે તેને જ યાદ કરે છે અને તેને કોટે વળગે છે તેને

તેના અદ્ભુત પ્રેમનો લાભ પણ વધુ મળે છે અને પ્રભુનો પ્રેમ તેને માટે બધાં જ દ્વાર ઉઘાડી દે છે.

આમ આ બંને મહાત્માઓ તથા પ્રભુના પ્રિયપાત્ર બનવા-ની ચાવીઓ છે.

મહાત્માઓ અને સંતોના નિર્મળ અને અસીમ પ્રેમનું વર્ણન ન થઈ શકે. તેની મધુરતા અને આહ્‌લાદકતાનો જેને અનુભવ હોય તે જ જાણે. તો પ્રભુના પ્રેમની તો વાત જ શી કરવી? તેની મધુરતા તો અનુભવથી પણ પૂરી જાણી શકાય કે કેમ તે સવાલ છે.

જેમ હિમાલય તરફથી આવતો ઠંડો વાયરો તપતાં મેદાનો અને રણોમાં શીતળતા લાવે છે તેમ જ સંતો પ્રભુના પ્રેમ, આનંદ અને શાંતિરૂપી શીતળતા સંસારના રણમાં તપતાં માનવીઓ સુધી પહોંચાડે છે.

જ્યારે પ્રત્યાહાર, ધારણા અને ધ્યાન આપમેળે સહજરીતે થવા માંડે ત્યારે જાણવું કે ગુરુની કૃપા થઈ છે. જ્યારે મન ભક્તિમાં રસ તરબોળ થવાં લાગે ત્યારે જાણવું કે પ્રભુની કૃપા થઈ છે.

કુંડલીની શક્તિ એ સાધકની અભીપ્સા. જીવની શિવ સાથે એક થવાની તડપનું જ રૂપ છે. જ્યારે પ્રબળ આકાંક્ષા સાથે પ્રયત્ન અને યોગ્યતા ભળે છે ત્યારે ગુરુ સાધકનાં આ શક્તિનું ઉત્થાન કરે છે અને એ થતાં જ સાધનાની ગતિનો વેગ વધી જાય છે અને સાધક ઉંચા ને ઉંચા આધ્યાત્મિક સોપાનો સહજતાથી સર કરવા માંડે છે.

સાધક જ્યારે સાધનાના માર્ગે ચાલતાં પરમતત્ત્વ સાથે અનુસંધાન પ્રાપ્ત કરે છે ત્યારે જેમ માતાના ગર્ભમાં રહેલ



બાળક નાળદ્વારા પોષણ મેળવે છે તે રીતે આધ્યાત્મિક પોષણ પ્રાપ્ત કરતો રહે છે. આવું અનુસંધાન પ્રાપ્ત થતાં તેની સાધનાને દિશા મળે છે અને એ અનુસંધાન જાળવી રાખવાના પ્રયત્નો જ પછી તેની સાધના બને છે.

ઘરની બહારથી આવતી દુર્ગંધથી બચવા માટે આપણે ઘર-નાં બારી બારણા બંધ કરી દઈએ છીએ. પરંતુ ઘરની અંદર જ ગંદકી હોય તો તેને સાફ કર્યા વિના દુર્ગંધથી પૂરેપૂરી મુક્તિ મેળવવી સંભવ નથી.

આજ રીતે બહારના વિષયોની ચિત્ત પર અસર ન પડે તે માટે પ્રત્યાહારથી ઈન્દ્રિયોરૂપી બારી બારણા બંધ કરવાં જરૂરી છે, પરંતુ અંદર રહેલી મલિનતાને જ્યાંસુધી સાફ કરી ચિત્તને શુદ્ધ કરવામાં ન આવે ત્યાંસુધી સાચી શાંતિ મળતી નથી.

ઘરમાં જ્યારે ખૂબ ધૂળ થઇ ગઇ હોય ત્યારે તેને સાફ કરતી વખતે થોડા વખત માટે હવામાં ચારે બાજુ ધૂળ છવાઇ જાય છે. પાણીના તળીએ જ્યારે અશુદ્ધિ હોય ત્યારે પાણી શુદ્ધ થતાં પહેલાં ડહોળાઇને વધુ અશુદ્ધ થઇ ગયેલું લાગે છે.

અધ્યાત્મ સાધના કરતો સાધક પણ મનની બાબતમાં કાંઇક આવો જ અનુભવ કરે છે. જ્યારે સાધનાદ્વારા ચિત્તશુદ્ધિની પ્રક્રિયા ચાલી રહી હોય છે, ત્યારે સાધકના મનમાં વહેમો, કુવિચારો, અંધશ્રદ્ધા, બિનતાર્કિક વિચારો, વાસનાઓ વગેરેનાં વમળો ઉઠે છે. આવે વખતે પ્રગતિને બદલે પડતી થતી હોય તેવો અનુભવ પણ થાય છે. આવું થાય ત્યારે સાધકે નીરક્ષીર વિવેક, મનોબળ તથા મનને વિચલિત થતું રોકવાનું છે. કાળા ડિબાંગ વાદળાં ઘેરાયેલાં હોય તેવું લાગે ત્યારે પણ તેણે દિવ્યતાની સોનેરી કોર તરફ જ દૃષ્ટિ રાખવાની છે. આમ આ

સંક્રાન્તિના સમયને પસાર કરી દેવાનો છે.

સામાન્ય માનવી અજાણતાં જ પોતાની પ્રકૃતિને વશ રહી વર્તન કરે છે. જેનામાં જાગૃતિ આવી છે એવો માનવી સારાસારનો વિવેક ધરાવવા છતાં પ્રકૃતિના બળથી ખેંચાઇ તેને વશ વર્તન કરી બેસે છે. આધ્યાત્મનો સાધક એક ભૂમિકા પર પોતાનો પરમ સાથેનો સંબંધ સ્પષ્ટપણે અનુભવે છે તો સાથે સાથે બીજી ભૂમિકા પર માયાના રેશમી તાણા વાણાય પોતાને બંધાયેલો સ્પષ્ટપણે જોઇ શકે છે. આવી સ્થિતિમાં તેને વર્તન ક્યારેક વિવેક દ્વારા તો ક્યારેક પ્રકૃતિદ્વારા દોરવાઇને થાય છે.

કિન્તુ કોઇ મહાપુરુષ જ પ્રકૃતિના આ આવેગનો જ્ઞાન અને આત્મબળથી સફળતાપૂર્વક પ્રતિકાર કરી હંમેશા વિવેકપૂર્વકનું વર્તન તથા વ્યવહાર કરી શકે છે.

**सुलभं भगवन्नाम जिह्वा च वशवर्तिनी ।**
**तथाऽपि नरके यान्ति किमाश्चर्यमतः परम् ॥**

***'સાધ્ય છે ઈશ્વરનામ, જીભ છે જપવા વળી,***
***છતાં નીચે પડે, એથી બીજી નવાઈ શી!'***

અભિપ્રાય એમ છે કે ભગવાનનું નામ વિનામૂલ્યે સર્વ સાધારણને પણ પ્રાપ્ત છે. અને વળી ભગવાનનું નામ લેવામાં કોઇ જાતનો ખાસ પરિશ્રમ કરવો પડતો નથી; કારણ, જીભ તેના મોઢામાં છે અને તેની આજ્ઞા પ્રમાણે ચાલે છે. માત્ર તેને હુકમ કરવા જેટલી જ વાર! આટલી બધી સુગમતા પ્રભુએ કરી આપી છે, છતાં માણસો ઈશ્વરપ્રાપ્તિ ન કરી લેતાં રોજ નરકમાં જતાં દેખાય છે, તેના કરતાં વળી વધારે આશ્ચર્યજનક બીજું શું હોય?



# શ્રીવિષ્ણુસહસ્ર સમશ્લોકી

**(એપ્રિલ ૨૦૦૬થી ચાલુ)** **શ્રી યોગેશ્વરજી**

શ્રી વિષ્ણુસહસ્રનામનો પાઠ ઘણાં સાધકો કરે છે. ગુજરાતીમાં તેનો અર્થ સમજાય તે માટે પૂ. યોગેશ્વરજીદ્વારા સમશ્લોકી અનુવાદિત થયેલ વિષ્ણુસહસ્રનામમાંથી આ અંકમાં બે શ્લોક મૂકવામાં આવ્યા છે. **—તંત્રી**

**અગ્રાહ્યઃ શાશ્વતઃ કૃષ્ણો લોહિતાક્ષઃ પ્રતર્દનઃ ।**
**પ્રભૂતસ્ત્રિકકુબ્ધામ પવિત્રં મંગલં પરમ્ ॥૭॥**

બુદ્ધિમનથી અતીત, શાશ્વત, કૃષ્ણરૂપ છો પુનિત તમે,
લાલનેત્રના, ચાબુકપેઠે વશ કરનારા સર્વ તમે;
પ્રભુતાવાળા, ત્રિભુવનવાસી, મંગલથી પણ મંગલ છો,
પ્રેમ કરીને પ્રણામ કરીએ, સ્વીકૃત હે પ્રભુ, પ્રેમે હો!

**ઈશાનઃ પ્રાણદઃ પ્રાણો જ્યેષ્ઠઃ શ્રેષ્ઠઃ પ્રજાપતિઃ ।**
**હિરણ્યોગર્ભો ભૂગર્ભો માધવો મધુસૂદનઃ ॥૮॥**

તમે નિયંતા પ્રાણ બધાંના, જીવનના દેનારા છો,
સર્વથકી ઉત્તમ ને મોટા, બ્રહ્મા થૈ રે'નારા છો;
હિરણ્યગર્ભ, વળી સૃષ્ટિના સાર તમે તો કેવળ છો,
લક્ષ્મીના સ્વામી, મધુસૂદન, કોટિ પ્રણામ તમોને હો!

પૂ. શ્રી યોગેશ્વરજીની અમૃતવાણી

# પુરુષોત્તમયોગ

(જૂન–૨૦૦૬ નું અનુસંધાન) **શ્રી યોગેશ્વરજી**

(પૂ. શ્રીએ ભારતીય દર્શનશાસ્ત્રોના અર્કને લોકભોગ્ય શૈલી-માં સાધકોનાં જીવનને કંડારવા ૧૯૮૪ પહેલા પુરુષોત્તમયોગ, ધ્યાનયોગ, ભક્તિયોગ, ગીતા ઉપર પ્રવચનો આપેલાં. આ પ્રવચનોની ઓડિયો કેસેટો તૈયાર કરવામાં આવી છે. આ કેસેટમાં પૂ. શ્રીની જે વાણી સાંભળવા મળે છે તે પરમાત્માના અમૃતરસ સમી છે માટે 'પૂ. શ્રીની અમૃતવાણી' શૃંખલા શરૂ કરતાં આનંદ થાય છે. પ્રભુ સ્વરૂપે પધારેલા પૂ. યોગેશ્વરજીની અમૃતવાણી આજે પણ સાંપ્રત સમયમાં શીતળતા આપનારી ને ચિરંતન સાહિત્યને પુષ્ટિ આપનારી બની છે. **—તંત્રી**)

ગમે તેટલા સ્થળોમાં જાઉં, ગમે તેટલાં પદાર્થોને જોઉં, ગમે તેટલા વિરોધાભાસી વાયુમંડળમાં વસુ તોપણ મારો અંતરાત્મા શ્રીરામના ચારુ ચરણોમાં જ રમ્યા કરે છે. મને સંસારના રૂપો, રંગો ને રસો કદીકાળ આસક્ત કરી શકતા નથી. અનાસક્તિ મારે માટે સ્વાભાવિક થઇ ગઇ છે. માટે માતા! મારે કાંઇ જોઇતું નથી. છતાં પણ મને કંઇ આપવાની ઇચ્છા રાખતા હોય તો એવું આપી દો કે મારા મનમાં કદી વાસના પેદા થાય જ નહીં, રામને છોડીને મારું મન ક્યાંય જાય જ નહીં. એટલી કૃપા મારા પર કરી દો. સીતા ઘણાં પ્રસન્ન થયાં. સીતાએ કહ્યું હનુમાન! તમારામાં આટલી બધી અનાસક્તિ ક્યાંથી આવી? એનું શું કારણ?

હનુમાનજીએ કહ્યું માતા! હું તો કાંઇ જ્ઞાની નથી કે અના-



સક્તિ ક્યાંથી આવી એની મને ખબર પડે. હું એટલું જાણું છું કે હું તો કેવળ રામના જપ કર્યા કરું છું, કેવળ રામનું ધ્યાન ધર્યા કરું છું, કેવળ રામને માટે જ જીવન જીવું છું. રામકાર્યને કરવામાં પાછી પાની કરતો નથી. એટલે એમ હોઇ શકે કે રામના સ્મરણને પરિણામે, રામની સાથે સંબંધ રાખવાના પરિણામે, રામની કૃપાને લીધે હું સંસારમાં અનાસક્તિથી રહી શકું છું. કાદવમાં રહેનારા કમળની પેઠે નિર્લિપ્તભાવે હું શ્વાસ લઇ શકું છું.

સીતા બહુ જ પ્રસન્ન થયા. સીતાએ પછી હનુમાનને કહ્યું કે હનુમાન! હું તમને ન માગેલું વરદાન આપું છું. જે બાળકો માગનારાં હોય માતા એમનું બહુ ધ્યાન રાખતી નથી. કારણ કે જાણે કે આ તો માગી લેશે છોકરો. ઊઠીને ખાઇ લેશે, ખાવાનું ખાઇ લેશે. પણ જે છોકરાઓ માગતા નથી, તેની ચિંતા માતાને વધારે થાય છે. છોકરો બોલતો નથી માટે આનું ધ્યાન વધારે રાખવું પડશે. ભૂખ્યો રહી જશે. તેને વધારે આપે. જે ભક્તો માગે છે તેને માગેલું ભગવાન કદીકાળ આપતા નથી. અને કોઇકવાર આપે તોપણ ન છૂટકે થોડુંક જ આપે. જે ભક્તો માગતા નથી તેના બદલામાં ભગવાન પોતાના અનુગ્રહનો વરસાદ કેટલીકવાર વરસાવતા હોય છે. હનુમાનજીએ કાંઇ માગ્યું નહીં. તો સીતાએ કહ્યું હનુમાન! હું આપું છું. જ્યાંસુધી જગતમાં રામનામ રહેશે, જ્યાંસુધી રામની કથા, રામના ગુણગાનો ગવાશે ત્યાંસુધી તમે પણ અમર રહેશો. રામનો આધાર લઇને માનવો તરી જશે. સંસાર સાગરને તમારો આધાર લઇને પણ માનવો તરી જશે. તમને રામના જેવા જ મહિમાની પ્રાપ્તિ થશે. મારું વરદાન છે.

છતાં હનુમાનજીએ કહ્યું માતા! હું તો બીજું કાંઇ માગતો નથી. તમે આવું બધું આપો છો તો કહોને કે રામની મારા પર પૂર્ણ કૃપા થશે? હું તો રામની કૃપાનો ચાતક છું. મારે રામ વગર કાંઇ જોઇતું જ નથી. હું અમર બનું ને રામ મારી પાસે ના હોય તો શું? રામ મારે જોઇએ છે. સીતા પ્રસન્ન થઇને હનુમાનજીને કહેવા માંડ્યાં કે રામની કૃપા તો તમારા પર છે ને રામની કૃપાનો વરસાદ તો તમારા પર વરસ્યા જ કરે છે. એટલે તો તમારું મન આટલું બધું અલિપ્ત, નિર્વાસનિક છે, એટલે તો તમે સંસારના પદાર્થો અથવા વિષયોમાં ફસાતા નથી. મને બહુ જ આનંદ થાય છે તમને જોઇને. હનુમાનજી સીતામાતાનાં ચરણોમાં પ્રણિપાત કરીને વિદાય થવાની તૈયારી કરવા લાગ્યા. પછી ધીરે રહીને સાધારણ બાળકની માફક કહેવા લાગ્યા કે માતા! મને ભૂખ લાગી છે. તમે કહો તો ફળ ખાઉં અશોક વાટિકાના.

હું આવ્યો તેના સમાચાર રાવણ સુધી હવે તો પહોંચવા જોઇએ ને. રાવણ જાણે નહીં તો બધું નકામું છે. રાવણ સાથે પણ વાત કરવી છે.

માણસને અનાસક્ત કોણ રાખી શકે **असंग शस्त्रेन दृढेन छित्वा.** પુરુષોત્તમયોગમાં ભગવાન કહે છે કે સંસારરૂપી વૃક્ષને અસંગ શસ્ત્રથી, અનાસક્તિના શસ્ત્રથી છેદી નાંખવું જોઇએ. અનાસક્તિના શસ્ત્રથી છેદાય કેવી રીતે? અનાસક્તિ આવે કેવી રીતે? અનાસક્તિ લાવવા માટે બે જ રસ્તાઓ સૌથી અક્સીર છે. એક માર્ગ તો આત્મજ્ઞાનનો છે. **शिवोहम्, शिवोहम् । अहं ब्रह्मास्मि ।** હું પરમાત્મસ્વરૂપ છું, **शुद्धोस्मि, बुद्धोस्मि, निरजनोस्मि ।** હું શુદ્ધ છું, સચ્ચિદાનંદઘન છું, નિર્મળ છું, પવિત્ર



છું, નિર્ભય છું, નિશ્ચિંત છું, આત્મા છું, અવિનાશી છું, અજર છું, હું શરીર નથી, મન નથી, પ્રાણ નથી, ઇન્દ્રિયો નથી, **चिदानंदरूप शिवोहम् शिवोहम् ।**

**मनोबुद्धिहंकार चितानिनाहम्,**
**न च श्रोत्रजिह्वे न च घ्राणनेत्रे,**
**न च व्योमभूमि, र्न तेजो न वायु,**
**चिदानन्द रूप शिवोहम् शिवोहम् ।**

સચ્ચિદાનંદસ્વરૂપ, આત્મસ્વરૂપ છું હું તો આ વાત જેના મનમાં ઠસી ગઇ ને આ વાત જેના મનમાં રમવા લાગી ચોવીસેય કલાક. એ પછી ચોખંડીમાં જાય, એ પછી લહેરીપુરા જાય, એ પછી માર્કેટમાં શાકભાજી ને કેરીઓ લેવા જાય, ઓફિસમાં જાય, દુકાને જાય પણ પછીથી તેના હૃદયમાંથી આત્મસ્વરૂપનું વિસ્મરણ કદીકાળ થતું નથી. એ પછી સ્ત્રીને જુએ કે પુરુષને જુએ. નજીક બેસ કે દૂર બેસે, જુદી–જુદી જાતના દૃશ્યોને જુએ, શબ્દોને સાંભળે અને છતાં પણ નિરંતર પોતે આત્મા છે, પરમાત્માનો અંશ છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે એ વાતનું ધ્યાન નિરંતર એને રહ્યા કરે. એવી રીતે સંસારમાં રહે છતાં પણ સંસારનો બની શકે નહીં. અસંગ બની જાય. સંસારનો સંગ એને લાગે જ નહીં. આત્મજ્ઞાનથી અસંગ રહેવાય.

બીજો રસ્તો પરમાત્માની ભક્તિ. પ્રેમલક્ષણા ભક્તિ. પરમાત્માનું નિત્ય નિરંતર સ્મરણ. પરમાત્માનું ભજન, ગુણાનુવાદ, સત્સંગ, કથા–શ્રવણ, પ્રાર્થના, ચિંતન, મનન, નિત્ય નિરંતર વિનય કરવાનો, સ્તુતિ કરવાની. પ્રભુ! સંસારના રૂપો ને રંગોની અંદર કદી પણ આસક્ત કરતા નહીં. હે પ્રભુ! મારું ધ્યાન રાખજો, જેવી રીતે બાળકનું ધ્યાન માતા રાખે તેવી રીતે

તમે જગદંબા છો, જગત જનની, જગન્માતા છો, તો ધ્યાન રાખજો.

જેવી રીતે કૂમળા છોડનું ધ્યાન એને પાણી પાનારો માળી રાખે છે એવી રીતે મારા જીવનનું ધ્યાન તમે રાખજો. જેથી મારું મન સંસારના વિષયોમાં પડીને ધૂળ—ધાણીને ધક્કા પાણી થાય નહીં. ખરા દિલથી પ્રાર્થના કરે છે ભક્ત અને ભગવાનનું નિત્ય નિરંતર સ્મરણ કરે છે.

રસ્તે ચાલતો હોય તોપણ સ્મરણ કરે છે, બસમાં બેઠો હોય તોપણ સ્મરણ કરે છે, મોટરનું હોર્ન વગાડતો હોય તો પણ સ્મરણ કરે છે, લહેરપુરની ભીડમાંથી નજરબાગમાં આવતો હોય તો પણ સ્મરણ કરતો કરતો આવે છે. (પૂ. શ્રીના આ પ્રવચનો વડોદરામાં યોજાયા હતા એટલે વડોદરાના કેટલાક વિસ્તારના આ નામ છે) ઘરમાં સ્મરણ કરે છે, વનમાં સ્મરણ કરે છે, સવારે સ્મરણ કરે છે, બપોરે સ્મરણ કરે છે, જરાક સમય મળે એટલે પાછો ઓફિસમાં સ્મરણ કરે છે. દુકાન પર નવરો બેઠો હોય કે ગ્રાહકો આવતા હોય તોપણ સ્મરણ કર્યા કરે છે. પોતાનું કામ કરે છે શરીરથી, ઇન્દ્રિયોથી અને મનથી નિત્ય નિરંતર સ્મરણ કર્યા કરે છે. બાથરૂમમાં સ્મરણ કરે છે, સંડાસમાં સ્મરણ કરે છે, ભોજનશાળામાં સ્મરણ કરે છે, રસોઇ બનાવતી વખતે સ્મરણ કરે છે. જમતી વખતે સ્મરણ કરે છે, લાંબો થઈને આરામ કરે ત્યારે સ્મરણ કરે છે, નિદ્રામાં પણ સ્મરણ કરે છે તો પરિણામે પરમાત્મા એની રક્ષા કરે છે.

આ અલિપ્તતા, અસંગ, અનાસક્તિ આપોઆપ આવે છે. એક આત્મજ્ઞાનથી અસંગ બનાય, બીજું ભક્તિથી અસંગ બનાય. બે વસ્તુથી અસંગ બનાય. આત્મજ્ઞાનથી અસંગ માનવ



પોતે બને છે. જાગૃત રહીને. જ્યારે ભક્તિથી ભગવાનને બધી ચિંતા થઇ જાય કે મારા ભક્તને મારે સાચવવો પડશે. બોલો કેટલી બધી આપણને ચિંતારહિતા કરી થઇ જાય. જ્ઞાનીઓ તો **શિવોહમ્ શિવોહમ્ શિવોહમ્** હું શિવસ્વરૂપ છું, કલ્યાણ સ્વરૂપ છું, હું અમંગલ નથી, શુદ્ધ, બુદ્ધ, મુક્ત છું એમ યાદ કરીને અસંગ બને. પણ ભક્ત ભગવાનનું સ્મરણ જ કર્યા કરે, ભગવાન ભક્તની પાછળ પાછળ નજર રાખતા જાય, ભક્ત ક્યાંય લપસતો તો નથી, આ ભક્ત ક્યાંય પડતો તો નથી, આ છોકરો ક્યાંક આગની અંદર તો જતો નથી, છોકરો કાંઇ સાપને પકડવાની રમત તો રમતો નથી.

ભગવાનને ચિંતા થઇ જાય છે ભક્તની, ભગવાન ભક્તની પાસે આવી આગમાં પડવાની તૈયારી કરતો હોય ત્યાં, હાથ પકડી પાછો ખેંચી લે છે, ક્યાં પડવા માંડ્યો? ભગવાનને ભક્તની ચિંતા તો ભક્તને ભગવાનની ચિંતા. જ્ઞાનીને પોતાની ચિંતા, ભગવાનને ભક્તની ચિંતા. આ બેય માર્ગો છે અસંગ રહેવાના. અસંગ થઈએ તો જ પુરુષોત્તમ—પરબ્રહ્મ પરમાત્મા-ની પાસે પહોંચી શકાય. જ્યાં સુધી અનાસક્ત નહીં થવાય ત્યાંસુધી પરમાત્માની પાસે પહોંચાશે નહીં. પ્રકૃતિના વિષયો, પદાર્થો ને પ્રલોભનો, એની અંદર જ્યાંસુધી જીવ આસક્ત થયા જ કરશે, બંધાયા જ કરશે, ત્યાંસુધી પરમપુરુષ પરમાત્માની પાસે નહીં પહોંચી શકે.

# રસેશ્વરી

(જૂન—૨૦૦૬ નું અનુસંધાન) **શ્રી યોગેશ્વરજી**

કૃષ્ણે કહ્યું :

'તેં કશી જ અતિશયોક્તિ નથી કરી એટલે ક્ષમાયાચનાનો કોઇ પ્રશ્ન જ નથી ઉપસ્થિત થતો. પરંતુ એક બીજી વાત માટે તારે મારી ક્ષમા અવસ્ય માગવી જોઇએ.'

'કયી વાતને માટે?'

'તેં મારું આકર્ષણ કર્યું છે એટલા માટે. એ અપરાધ કાંઇ નાનોસૂનો તો નથી જ.'

'મેં તો કોઇનુંય આકર્ષણ નથી કર્યું.'

'જે આકર્ષણ કરે છે તેને પોતાને કેટલીક વાર ખબર નથી પડતી કે પોતે શું કરે છે. તારા સંબંધમાં પણ એવું જ લાગે છે.'

'એ તો હું કેવી રીતે જાણી શકું? આકર્ષણ તો મારા અંતરનું—અણુપરમાણુનું થયું છે.'

કૃષ્ણે હસીને કહ્યું -

'તો પછી કોઇએ કોઇની ક્ષમા માગવાની ના રહી. આપણા બંનેનો અપરાધ—જો એ અપરાધ હોય તો—સરખો જ છે. એના પરિમાણમાં કદાચ ભેદ હશે પરંતુ પ્રકારમાં તો ભેદ નથી જ. તારું આકર્ષણ મારા સુધાસભર સુખદ વંશીનાદને લીધે થયું છે તો મારું આકર્ષણ તને અવલોકીને, તેં હમણાં જ કહી બતાવ્યું તેમ, પૂર્વના કોઇ સુદૃઢ સંસ્કારને લીધે, તારા સૌંદર્યના દેવદુર્લભ દર્શનથી થયું છે.'

'પૂર્વસંસ્કારની પરંપરા જેવી કોઇ વસ્તુ હોય છે ખરી?'



'કેમ નહિ? જીવન કાંઇ આટલું તો નથી જ. સત્પુરુષોએ કહ્યું છે કે શરીર બદલાય છે પરંતુ આત્મા નથી બદલાતો. જીવનની દીર્ઘકાલીન અનંત જેવી મહાયાત્રામાં એ શરીરોનો ત્યાગ કરવા છતાં પણ અખંડ રહે છે. મને પણ લાગે છે કે આપણે પહેલાં ક્યાંક મળ્યાં છીએ ખરાં. આ જીવનમાં નહિ પરંતુ પહેલાંના જીવનમાં, એ સિવાય આ પારસ્પરિક પ્રેમાકર્ષણનો અનુભવ આટલો પ્રબળપણે અને આકસ્મિક રીતે ના થાય.'

સુકુમારીના સુંદર મુખમંડળ પર સ્મિત છવાઇ ગયું. જાણે કે પ્રસન્નતાયુક્ત ઇન્દ્રધનુ પ્રકટી ઊઠ્યું. એ કૃષ્ણના મધુમય મુખમંડળ તરફ તૃષાતુર નેત્રે જોવા લાગી. એણે સ્વાભાવિક રીતે જ ઉદ્‌ગાર કાઢ્યા :

'આવી સુંદર વાંસળી તો મેં કોઇ વાર નથી સાંભળી.'

'સાચેસાચ?'

'હા. સાચેસાચ.'

'તો પછી હું પણ કહી દઉં કે મેં પણ આવી વાંસળી નથી સાંભળી.'

'કેવી?'

'તારા જેવી.'

'હું વાંસળી વગાડું છું?'

'હા. તને કદાચ તે નહી સંભળાતી હોય પણ મને તો સંભળાય છે. તારી વાણીમાંથી, આંખમાંથી, આકર્ષક અંગાંગમાંથી, અને તારા અલૌકિક આત્મામાંથી, અસાધારણ વંશીધ્વનિ નીકળ્યા જ કરે છે. મારું મન એ અદ્‌ભૂત ધ્વનિ સાંભળીને મુગ્ધ બની ગયું છે મારા ધ્વનિ કરતાં આ ધ્વનિ

કાંઈ ઓછા આકર્ષક નથી લાગતા.'

'એનો નિર્ણય આપણે ના કરી શકીએ. કોઈક તટસ્થ વ્યક્તિ જ કરી શકે.'

'તો ભલે તારી સખી કરે.'

'સખી તો મારી કહેવાય ને?'

'તોપણ મને એની તટસ્થતામાં વિશ્વાસ છે.'

સખી બોલીઃ

'બંન્નેના સ્નેહસ્વર એકસરખા આકર્ષક છે.'

કૃષ્ણ હસી પડ્યા ને બોલ્યાઃ

'તારી સખી ભારે ચતુર લાગે છે. એ પક્ષપાતના દોષથી દૂર રહેવા માગે છે. પરંતુ હું જ નિર્ણય આપું છું કે તારા સ્વર વધારે મીઠા લાગે છે. પણ તારું નામ? તારું નામ તો તેં કહ્યું જ નહી.'

'મારું નામ રાધા છે.'

'રાધા?'

'હા. રાધા.'

'રા...ધા...! કેટલું સરસ નામ છે?'

'એ નામ ગમ્યું?'

'ખૂબ જ ગમ્યું. એવું લાગ્યું કે આ નામ ક્યારેક કયાંક સાંભળ્યું છે.કેટલું સાદું સીધું સુમધુર નામ છે ને કેટલું બધું સુખદ અથવા આનંદમય?'

રાધાએ જણાવ્યુંઃ

'કૃષ્ણ નામ પણ ઓછું આકર્ષક, ઓછું.' અમૃતય, અને ઓછું આનંદદાયક નથી લાગતું. મેં પણ એ નામ પહેલાં ક્યાંક



સાભળ્યું હોય એવું લાગે છે. એ સુંદર નામના ઉચ્ચારણ તથા શ્રવણમાં કેટલી બધી શાંતિ છે એ કેમ કરીને કહી બતાવું? એનો આનંદ તો મારું મન જ જાણે છે. મન એના શ્રવણ-મનનથી મંગલ બને છે. અંતરને એને લીધે કોઈક અવર્ણનીય અદ્ભુત અનંત આરામ મળે છે. એ નામની અંદર કોઈક એવું જાદુ છે જે મનઅંતરને એકદમ મુગ્ધ બનાવે છે ને વશ કરી લે છે.' (ક્રમશઃ)

ધ્યાનમાં બેસતાં જ તમારું ચિત્ત શાંત અને એકાગ્ર થઈ જશે, એવું ના માનતા. એવી શાન્તિ ને એકાગ્રતા માટે તો ઘણા જ ઊંચા સંસ્કારો તેમ જ ઉત્તમ પ્રકારની યોગ્યતાની જરૂર પડશે. પરંતુ એવી મૂડી ના હોય તેમણે નિરાશ થવાની જરૂર નથી. તેઓએ તે માટે ધીરજ-પૂર્વકનો લાંબો પ્રયાસ કરવો પડશે. તો તેનું ફળ અવશ્ય મળશે. **— યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪